# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 12 * સપ્ટેમ્બર 2022 * કિં. ₹ 15



પૂજ્ય શ્રીમોટા : પ્રેરણાનો પડઘો



'ગુજરાતનાં મુઘલકાલીન મંદિરો' વિશે થોમસ પરમાર



'નવી ટૂંકી વાર્તા 'માતાજીએ લાજ રાખી !'નું વાચિકમ્ અને સર્જનપ્રક્રિયા' વિશે રામ મોરી


ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org

છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.

વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)



[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ગુજરાતી ભાષા માટે વિશ્વકોશનું સ્વપ્ન સેવીને તેને મૂર્ત કરવાની પ્રેરણા આપનાર

# પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી વર્ષગાંઠે

ચોથી સપ્ટેમ્બરે પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મો જન્મદિવસ છે. ૧૮૯૮ની ચોથી સપ્ટેમ્બરે, ભાદરવા વદ ચોથના દિવસે એમનો જન્મ થયો અને ૧૯૭૬ની ૨૩મી જુલાઈએ એમણે સ્વેચ્છાએ દેહત્યાગ કર્યો, પરંતુ ઉચ્ચ કોટિના આ આધુનિક સંતની ચેતનાનો સ્પર્શ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આજેય અનુભવે છે. પૂજ્ય શ્રીમોટાનો અમદાવાદમાં પંચોતેરમો જન્મદિવસ રામનવમીના દિવસે ઊજવવાનું નક્કી થયું. પૂજ્ય શ્રીમોટાએ વિશ્વકોશના સર્જનનો સંકલ્પ જાહેર કર્યો અને તે માટે પાંચ લાખનું ભંડોળ એકત્રિત કરવા ટહેલ નાખી. એ સમયે ગુજરાતમાં વિશ્વકોશ-સર્જનનાં બીજ વવાયા! મને યાદ છે કે એ સમયે છેલ્લા ચારેક માસમાં ભયંકર દુષ્કાળ ચાલતો હતો એટલે પાંચ લાખ રૂપિયા ભેગા કરવા એ કંઈ સહેલી વાત નહોતી, પરંતુ પ્રત્યેક વર્ષે શ્રીમોટા લોકોત્કર્ષનાં કાર્યો માટે સંકલ્પ કરતા અને એમના સંકલ્પબળે જનસમૂહ એમની થેલી નાણાંથી છલકાવી દેતો. ગુજરાત યુનિવર્સિટીને એન્સાઇક્લોપીડિયાના પ્રકાશન માટે એમણે દસ લાખ રૂપિયાની રકમ આપી અને એ પૂર્વે એમણે ગુજરાત યુનિવર્સિટીને વિજ્ઞાનને લગતો એન્સાઇક્લોપીડિયા તૈયાર કરવા પાંચ લાખ રૂપિયા આપવાનો સંકલ્પ સિદ્ધ કર્યો હતો. ગુજરાતને એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાની સર્વસામાન્ય (general) પ્રકારના વિશ્વકોશની ગ્રંથશ્રેણી ઉપલબ્ધ થાય એવી તેમની તીવ્ર ઇચ્છા હતી. પૂજ્ય શ્રીમોટાએ એ માટે દાન પણ આપ્યું, પરંતુ દુર્ભાગ્યે એ યોજના આગળ ચાલી નહીં.

આ ઘટનાને ઘણો સમય વીતી ગયો. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે 'ગુજરાતી વિશ્વકોશ'નું મહાકાર્ય શરૂ કર્યું, ત્યારે પ્રારંભે પૂ. ધીરુભાઈ ઠાકરના મિત્ર અને વિસનગરના કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલ હરિ ૐ આશ્રમમાં શ્રી નંદુભાઈ શાહને વિશ્વકોશની રચનાનું ભગીરથ કાર્ય ગુજરાતની પ્રજાને કેટલું ઉપયોગી બની શકે તે વિશે વાતચીત કરવા ગયા હતા. પૂ. નંદુભાઈ શાહે આ કાર્ય કરવા જેવું છે તેમ કહ્યું અને તેને પરિણામે શ્રી સાંકળચંદભાઈએ આ વિચારને આકાર આપવા માટે સંકલ્પ કર્યો. એ પછી વિશ્વકોશનું આ કાર્ય શરૂ થયું.

ગુજરાત યુનિવર્સિટીએ એન્સાઈક્લોપીડિયા માટે આપેલી રકમ પણ હરિ ૐ આશ્રમને પરત કરી અને ત્યારબાદ પ્રારંભે જ હરિ ૐ આશ્રમે (સૂરત અને નડિયાદ) સવા દસ લાખ રૂ.ની સહાય કરી અને એ પછી પણ હરિ ૐ આશ્રમ તરફથી ગુજરાતી વિશ્વકોશને સતત હૂંફ પ્રાપ્ત થતી રહી. આમ, ગુજરાતી ભાષા માટે વિશ્વકોશનું સ્વપ્ન

સેવીને એને મૂર્ત કરવાની પ્રેરણા આપનાર પૂજ્ય શ્રીમોટા છે. આજે ‘ગુજરાતી વિશ્વકોશ’ના ભૂમિકાખંડ સહિત કુલ ૨૭ ગ્રંથો તૈયાર થયા અને તે ઑનલાઈન પણ મુકાઈ ગયા, પણ આજેય પૂજ્ય શ્રીમોટાની પ્રેરણા જાણે માર્ગ ચીંધતી હોય તે રીતે વિશ્વકોશની પ્રવૃત્તિમાં એક યા બીજા સંદર્ભમાં જોવા મળે છે.

પૂજ્ય શ્રીમોટા એક વિરલ આધ્યાત્મિક સંત હતા અને અત્યારે ગુજરાત વિશ્વકોશ એક સંતકોશ તૈયાર કરી રહ્યું છે. એમણે વિજ્ઞાન એન્સાઇક્લોપીડિયા માટે પ્રયત્ન કર્યો અને અત્યારે વિશ્વકોશ ઑનલાઈન વિજ્ઞાનકોશ કરી રહ્યું છે. એની સાથોસાથ ભારતીય લોકકલા અને લોકનાટ્યને દર્શાવતા શ્રી ભરત દવેના ‘ભારતીય રંગભૂમિ’ના બે ગ્રંથો પ્રકાશિત કર્યા છે અને ‘બૃહદ્ નાટ્યકોશ’ના બીજા બે ગ્રંથો પણ થોડા વખતમાં પ્રકાશિત થશે અને એ જ રીતે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અત્યારે ગ્રંથાલય વિદ્યાનો કોશ પણ તૈયાર કરી રહ્યું છે અને આ રીતે પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાનો પડઘો આજે પણ અહીં સંભળાઈ રહ્યો છે.

પૂજ્ય શ્રીમોટા એક જ વાત કરતા હતા કે મારે સમાજને બેઠો કરવો છે. સમાજને બેઠો કરવાના એમના પ્રયત્નો જ એમણે કરેલી જનકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પ્રગટ થાય છે. એમની આ પ્રવૃત્તિઓનો વ્યાપ બાળકેળવણી, ભાવનાત્મક સાહિત્યનાં સર્જનો, નારીસંસ્કારની યોજનાઓ, અસ્પૃશ્યતાનિવારણ, સ્નાનાગારો અને વ્યાખ્યાનમાળાઓથી માંડીને તરણસ્પર્ધાઓ, લલિતકલાઓની સ્પર્ધાઓ અને યુનિવર્સિટી કક્ષાએ સંશોધનમાં સિદ્ધિ મેળવનારને પારિતોષિક જેવી યોજનાઓ સુધી વ્યાપેલી છે. બાલભારતી, કિશોરભારતી અને જ્ઞાનગંગોત્રી જેવા સંદર્ભગ્રંથો એમની હયાતીમાં પ્રગટ થયા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી વર્ષગાંઠે | ૩ | કુમારપાળ દેસાઈ |
| નિઃશુલ્ક લ્હાણીની અસરો | ૮ | પ્રવીણ ક. લહેરી |
| સ્મૃતિશેષ સારસ્વત કનુભાઈ જાની | ૧૧ | બળવંત જાની |
| ટાલ વિશે ! | ૧૫ | રતિલાલ બોરીસાગર |
| સેમિકન્ડક્ટરના ઉત્પાદનમાં ભારતનો નવો લક્ષ્યાંક ! | ૧૮ | હર્ષ મેસવાણિયા |
| બ્રાહ્મી લિપિના વિકાસ વિશેનો ગ્રંથ | ૨૧ | થોમસ પરમાર |
| ચાલો, ઊઠાં ભણીએ! | ૨૩ | ચિંતન ભટ્ટ |
| મોબાઈલ ટૅક્નૉલાંજી અને ગુજરાતી ભાષા | ૨૫ | – |
| નીરવનો નવીન આઇડિયા | ૨૭ | પ્રીતિ શાહ |
| અસ્મિતા વિશેષ સંવાદ | ૨૯ | ભદ્રાયુ વછરાજાની |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

તેઓ સતત એમ કહેતા કે ધર્માચાર્યો અને સાધુઓએ સમાજને સાચી વાત કહી નથી અને એની સમાજ પર માઠી અસર થઈ છે. માત્ર આશીર્વાદથી કામ સરી જવાની ભાવનાથી સમાજ લૂલો થઈ ગયો છે. સમાજમાં ઉચ્ચ વિચારનાં મોજાં ચાલે છે, પણ તે પકડવા માટે આપણે ઈશ્વરાભિમુખ થવું જોઈએ. સમાજ જાગશે ત્યારે જ આ કાર્ય થશે એમ તેઓ માનતા હતા. સાહસ અને શૌર્યથી અંકિત અનેક ગુણવિકાસ-પ્રવૃત્તિઓના પ્રણેતા પૂજ્ય શ્રીમોટાએ મૌન-એકાંતની સાધનાપદ્ધતિ માટે કુંભકોણમ્ આશ્રમ, નડિયાદ આશ્રમ, રાંદેર આશ્રમની સ્થાપના કરી. નડિયાદના મૌનમંદિરમાં સાધના કરનાર અંગ્રેજીના અધ્યાપક શ્રી શ્યામસુંદર ગુપ્તાએ ઉત્તર ભારતમાં અને પાકિસ્તાનની સરહદ પર આવેલા ફિરોઝપુરમાં હરિ ૐ મૌનમંદિરની સ્થાપના કરી. આ આશ્રમનું ધન ઈશ્વરદત્ત છે અને તેનો સહેજ પણ દુરુપયોગ ન થાય તેની તેઓ તકેદારી રાખતા હતા. આ મૌનમંદિરમાં અનેક સાધકોને જુદા જુદા પ્રકારના અનુભવો થયા. પૂજ્ય શ્રીમોટા વ્યક્તિમાં પ્રગટ થતા સત્ત્વગુણની કદર કરતા હતા અને સત્પ્રવૃત્તિના પ્રેરક અને પ્રોત્સાહક હતા.

એમનું જીવન એ એક કર્મયોગીની કર્મગાથા છે. બાળપણથી જ કર્મ પ્રત્યે સભાનતા, સામે આવી પડેલાં કર્મોને શ્રેષ્ઠ રીતે કરવાની તમન્ના અને એ કર્મ પ્રત્યે શ્રદ્ધા, આસ્થા અને પ્રામાણિકતા - એ એમની મોટામાં મોટી વિશેષતા હતી. મહાત્મા ગાંધીજીએ હરિજનોનું કાર્ય કરવા કહ્યું અને એ કામ એમણે દીપાવી દીધું. બાલયોગી મહારાજે જે પ્રકારે સાધના કરવાનું કહ્યું અને એ પ્રકારે કઠિન સાધના પણ કરી. આમ છતાં સ્વયં બાલયોગી મહારાજને એમણે કહ્યું હતું કે હું સાધના કરું, પરંતુ મારાં બાળકોના ભણતરને ભૂલી શકું નહીં. આને કારણે એમણે બાલયોગી મહારાજને નડિયાદ આવવા કહ્યું અને ત્યાં દિવસે પૂજ્ય શ્રીમોટા ગાંધીજીએ ચીંધેલું સેવાકાર્ય કરતા અને રાત્રે સ્મશાનમાં જઈને બાલયોગીજી સાથે સાધના કરતા. આ રીતે પૂજ્ય શ્રીમોટાએ સમાજને જગાડવાનો પ્રયત્ન કર્યો. ભૌતિકતામાં આધ્યાત્મિકતા પરોવવાનો પ્રયત્ન કર્યો. કર્મનું માત્ર કર્મ લેખે મહત્ત્વ નથી. એનું વિશેષ મહત્ત્વ તો એમાં જીવનના ભાવનું સતત એકધારું જીવંત ચિંતન રહ્યા કરે તેમાં છે અને તેથી કર્મ કરતી વખતે આ પ્રકારનો જીવંત ભાવ કેળવવો જોઈએ. નામસ્મરણ અને મૌનનો મહિમા કર્યો. પરંતુ આ બધાથી પણ વિશેષ એમણે વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતાઓ પર પ્રહાર કર્યો.

પૂજ્ય શ્રીમોટાનું ચિંતનવિશ્વ એટલું વિશાળ છે કે ભાગ્યે જ કોઈ વિષયને એમણે સ્પર્શ્યો ન હોય. જેને ઘણી વ્યક્તિઓ સ્થૂળ, સંસારી કે તુચ્છ ગણે છે એવા વ્યવહારના વિષયો અંગે પણ એમણે એમનું ચિંતન આપ્યું છે, તો એની સાથોસાથ સાધકને ઉપયોગી એવા જપ, ધ્યાન, નામસ્મરણ અને મૌન વિશે વિચારો વ્યક્ત કર્યા છે અને એથીય વધુ ઈશ્વરના અનુભવ કે સાધનાની અટપટી પદ્ધતિઓ વિશે એમણે કરેલું ચિંતન એની વૈચારિક દૃષ્ટિએ અદ્વિતીય છે.

એ પરંપરાની વાત કરે છે, પરંતુ એમનું ચિંતન પરંપરાગત નથી. એ ધર્મ, ઈશ્વર કે ગુરુની વાત કરે છે, પરંતુ એ પ્રત્યેક બાબત અંગે એમનો આગવો અભિગમ છે. એ વ્યવહાર અને વાસ્તવિકતાને જુએ છે, એ વ્યક્તિના જીવન સાથે એના અધ્યાત્મનું અનુસંધાન સાધે છે અને આથી જ એમના વિચારો અને ચિંતન એ પ્રેરક ઉપરાંત નવીન દર્શન આપનારા છે.

એનું એક જ દૃષ્ટાંત લઈએ તો આજે લોકો સંતો અને ગુરુની પાછળ દોડાદોડ કરે છે. પૂજ્ય શ્રીમોટા સાચા સાધુ મહાત્માઓ પરત્વે પૂરેપૂરો સદ્‌ભાવ રાખે છે, પણ એની પાછળ દોડાદોડ કરતા ઘેલા ભક્તો તરફ અણગમો રાખે છે. એમને તો આ બધી મોહજાળ લાગે છે. આનું મુખ્ય કારણ એ કે વ્યક્તિ પોતે જ પોતાની વૃત્તિઓનું યોગ્ય રીતે, તટસ્થતાથી પૃથક્કરણ કરવાનો અભ્યાસ ધરાવતો ન હોય, એનામાં આંતરનિરીક્ષણની આંખ જ ઊઘડી ન હોય અને યોગ્ય પ્રકારનો વિવેક જન્મ્યો ન હોય તો આવી વ્યક્તિ કોઈ ભ્રમજાળમાં ફસાઈ જાય છે, પોતાની જ યોગ્યતા ન હોય અને તે સદ્‌ગુરુને પ્રાપ્ત કરે તેથી વળે શું ? એના હૃદયમાં વૃત્તિઓનો ઝંઝાવાત ચાલતો હોય, બાહ્ય આકર્ષણોમાં તેની આંખ ઘૂમતી હોય અને સારાસારનો વિવેક ન હોય એવી સ્થિતિમાં એ કોઈ ગુરુની કંઠી બાંધે તો તેની દુર્દશા થાય કે દુર્ઘટના સર્જાય.

પૂ. શ્રીમોટા એક માર્મિક વિધાન એ કરે છે કે, 'આપણા પોતા વિના પોતાનો કોઈ ઉદ્ધારક નથી. બીજો તેમાં મદદ કરી શકે ખરો - તે પણ જો આપણી પોતાની અંતરથી ખરેખર ઉત્કટ તમન્નાભરી ખ્વાહેશ તેની મદદ લેવા માટે પ્રકટેલી હોય તો.'

આપણા સંસારવ્યવહારના સંબંધોમાં પણ પરસ્પરની આશા, ઈચ્છા અને કામનાઓ રહેલી હોય છે. જેનો પરિચય હોય એની મદદ આપણે માગીએ છીએ. જેની સાથે પરિચય ન હોય એની ક્યારેય મદદ માગતા નથી. જ્યારે સામાન્ય લોકો પોતાની ઈચ્છાઓ, આશાઓ, કામનાઓ સંતોષવા માટે ગુરુ કે સંતો પાછળ દોડતા હોય છે. એક એવો ખ્યાલ હોય છે કે ગુરુપ્રાપ્ત થયા એટલે પત્યું. પછી બીજી કશી મહેનત કરવાની જરૂર નથી. કશી મથામણ કરવાની જરૂર નથી. બધું જ આસાનીથી ગુરુને કારણે મળી જાય છે તેવું માનીને સંસાર વ્યવહારના લોકો સંતોની પાછળ ઘેલા બનીને ઘૂમતા હોય છે. પૂજ્ય શ્રીમોટા આ સંદર્ભમાં સમાજને જાગ્રત કરવા માટે ચેતવણી આપતાં કહે છે કે,

'સાચી રીતે તો તેમના તરફથી કશું મળતું કરતું હોતું નથી અને સમાજની એવી વ્યક્તિઓના એકબીજાના તેવા પ્રકારના કથનના પ્રચારથી તેમની આગળપાછળ તેવા પ્રકારનું એક વાતાવરણ પ્રગટે છે. એટલે આ બધી મોહજાળ છે, ને આવી આવી બાબતમાં આપણે કદી ન પડવું. એટલે મારે તમને આ બાબતમાં સખત રીતે ચેતવવા પડે છે તે માટે માફ કરશો.'

આમ તેઓ સંતો અને સાધુઓને પોતાનું માધ્યમ બનાવે છે, પોતાની આશા કે

કામનાઓની તૃપ્તિનું સાધન બનાવે છે અને તેથી એમની પાછળ દોડાદોડ કરતા હોય છે. પૂ. શ્રીમોટા સંન્યાસી અને સાધુમહાત્માઓને આદર આપે છે, પરંતુ કશીય સાધના વિના પ્રાપ્તિની આશાએ સંતના આશીર્વાદ માટે, મહાત્માની કૃપા કાજે કે સંન્યાસીના ચમત્કાર માટે દોડતા લોલુપ લોકોને ચેતવે છે.

પૂજ્ય શ્રીમોટાએ ઇચ્છામૃત્યુ સ્વીકાર્યું હતું અને હું અમુક દિવસે પ્રાણત્યાગ કરીશ એમ કહ્યું હતું. એથીયે વિશેષ એમણે એમના અંતેવાસી પૂજ્ય નંદુભાઈને આપેલા પત્રમાં લખ્યું હતું, 'મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળ નજીકમાં કરવો અને તે પણ આપ છ જણાની હાજરીમાં જ કરવો. ઘણા ભેગા કરવા નહિ તેમ મારા સેવકોને ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ પણ સ્મારક કરવું નહીં.

મારા મૃત્યુ નિમિત્તે જે કોઈ નાણા-ભંડોળ ભેગાં થાય તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

ચુનીલાલ આશારામ ભગત
ઉર્ફે મોટા (સહી)

અંતિમ સમયે હજારોની ભીડ નહીં, માત્ર પાંચ-છ વ્યક્તિની જ ઉપસ્થિતિ રહેવી જોઈએ અને ૨૩મી જુલાઈ, ૧૯૭૬ના દિવસે શુક્રવારની રાત્રિના બરોબર ૧-૨૫ વાગે પોતાના છ અંતેવાસીઓની હાજરીમાં ધરતી પર આડા પડીને સમાધિમાં લીન થયા અને દેહોત્સર્ગ કર્યો. અંતેવાસીઓએ પાસે વહેતી મહી નદીના કિનારે તેમની દાહક્રિયા કરી, તેમની અસ્થિ-ભસ્મનું નદીમાં ત્યાં જ વિસર્જન કર્યું, કશું નામશેષ ન રાખ્યું, ત્યારબાદ નડિયાદના હરિ ૐ આશ્રમમાં આવીને એ સેવકોએ જગત સમક્ષ જાહેરાત કરી કે, 'પરમ પૂજ્ય મોટાએ ઇચ્છા-મૃત્યુ સ્વીકાર્યું છે, દેહોત્સર્ગ કર્યો છે. હરિ ૐ.'

હરિ ૐ આશ્રમ દ્વારા ગુજરાતનાં અનેક ગામોમાં પ્રાથમિક શાળાનાં મકાનોની સુવિધા પૂરી પાડવામાં આવે છે. પૂજ્ય શ્રીમોટાની હયાતીમાં દાનનો જે પ્રવાહ વહેતો હતો તેનાથી પણ આજે હરિ ૐ આશ્રમનાં સેવાકાર્યો માટે વધુ ધન મળે છે એ જ આ સંતની સમાજને બેઠો કરવાની પ્રબળ ભાવનાનો પડઘો છે.

'ગુજરાતી વિશ્વકોશ'ની ગ્રંથશ્રેણીનો પ્રથમ ગ્રંથ અને ગુજરાતી બાળવિશ્વકોશનો પ્રથમ ગ્રંથ પૂજ્ય શ્રીમોટાને સમર્પિત કર્યો છે અને વિશ્વકોશમાં એમની સ્મૃતિમાં એક કેન્દ્રની સ્થાપના પણ કરી. આજે એમાં કાર્ય કરતા સહુની પાસે સહુના ચિત્તમાં પૂજ્ય શ્રીમોટાની પોતાની શક્તિ મુજબ 'સમાજને બેઠો કરવાની' ભાવના જોવા મળે છે.

**– કુમારપાળ દેસાઈ**

# નિઃશુલ્ક લ્હાણીની અસરો

બાળપણમાં ઉખાણાં પૂછીને વિચારશક્તિ જાગૃત કરવાની પ્રથા હતી. આ સમયે 'ત્રણ અક્ષરનો કાના-માત્રા વિનાનો પણ સૌને ગમતો શબ્દ કયો ?' એમ પૂછે ત્યારે ઉત્તરમાં 'મફત' એ સાચો જવાબ હતો. કોઈ મહેનત વગર કશું મળે તે સૌને ગમે. જાપાન જેવા દેશમાં સૌ એકબીજાને દરેક પ્રસંગે નાની નાની ભેટ આપવાનું ભૂલતા નથી. ટૅક્સી ડ્રાઈવર પણ તમને ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા બાદ કશુંક ભેટ આપે છે. આપણા દેશમાં તો ભિક્ષાવૃત્તિને પવિત્ર સ્થાન આપવામાં આવ્યું છે. કામ, ક્રોધ, મદ, મોહ, લોભ અને અસૂયાની છ વૃત્તિઓ માયાના સ્વરૂપે આપણી સાથે જોડાયેલી છે. લોભ-લાલચ થકી આપણે પ્રાપ્તિ અને પરિગ્રહ કરવા પ્રેરાઈએ છીએ. લોભની વૃત્તિ અમર્યાદ બને તો વિશ્વની તમામ સંપત્તિથી પણ આપણા મનને સંતોષ થવો શક્ય નથી. ભિક્ષાવૃત્તિ સાથે અપરિગ્રહને પણ આગવું મહત્ત્વ આપવામાં આવ્યું છે. સાથે સાથે 'મરવું સારું, પણ માગવું નહીં' જેવી અયાચક વૃત્તિ પણ આપણા દેશમાં વ્યાપક રીતે જોવા મળતી નથી. માગીને મેળવવાથી વ્યક્તિનું સ્વમાન ઓછું થાય છે. આવી ખુમારીભરી વૃત્તિના ઉદ્‌ઘોષ રૂપે શાયર નાઝિર દેખૈયા કહે છે, 'હું હાથને મારા ફેલાવું, તો તારી ખુદાઈ દૂર નથી, હું માગું અને તું આપી દે, એ વાત મને મંજૂર નથી.'

લોકશાહીમાં ચૂંટણી એ પાયાની જરૂરિયાત છે. મતદારોને આકર્ષવા માટે જુદા જુદા રાજકીય પક્ષોની મફત આપવાની હોડ જામી છે. ચૂંટણીની આચારસંહિતા મુજબ મતદારોને લાલચ આપવાની મનાઈ છે, આમ છતાં દરેક પક્ષ પોતાના ચૂંટણીઢંઢેરા-(ઘોષણાપત્ર)માં મફત આપવાનાં અઢળક વચનો આપતા રહે છે. રાજ્યની આવક એ પ્રજાએ ચૂકવેલો કર છે. પ્રજાની પાસેથી કર વસૂલીને તેમને રાહત આપવાની પ્રથા કલ્યાણરાજ્યની વિભાવનામાંથી જન્મી છે. યુરોપમાં 'ફેબિયત સોશિયાલિઝમ' હેઠળ ગર્ભાધાનથી અંતિમ સંસ્કાર સુધી સરકારે નાગરિકોની કાળજી લેવી જોઈએ તેવી માન્યતા હતી. આજે આ પ્રક્રિયાએ નવું કલેવર ધર્યું છે. ખાસ કરીને મૂડીવાદ વિકૃત થઈ રહ્યો છે ત્યારે સંપત્તિનું કેન્દ્રીકરણ થઈ રહ્યું છે. વિજ્ઞાન-ટૅક્નૉલૉજી દ્વારા અકલ્પ્ય સુવિધાઓ અને સાધનો ઉપલબ્ધ છે. આ સંજોગોમાં પૂરતી આવકના અભાવે સમાજનો એક બહુ મોટો વર્ગ તેની અપેક્ષાઓ પૂરી કરી શકતો નથી. પરિણામ સ્વરૂપે નારાજ નાગરિકો સંગઠિત થઈ સરકાર પાસે વિવિધ રાહત-સહાયની માંગણી કરે છે. લોકશાહીમાં જ નહીં, પણ રાજાશાહી કે સરમુખત્યારશાહીમાં પણ લોકોનો અસંતોષ ન વધે તે માટે અનેક સવલતો નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવે છે. નાગરિકોને કશું જ નિઃશુલ્ક ન આપવું જોઈએ, કારણ કે તેના કારણે આળસ, કામચોરી અને

બેજવાબદારી વધે છે. આ દષ્ટિબિંદુ ધરાવનારા શ્રીમદ્ ભગવદ્ગીતાનો હવાલો આપીને કહે છે; 'જે યજ્ઞ(કર્મ) કર્યા વિના ખાય છે તે ચોરીનું પાપ કરે છે.' ઈસ્લામમાં દરેક અનુયાયીએ આવકની ૧૦ ટકા રકમ જકાત-જરૂરિયાતમંદોને મદદ કરવા માટે વાપરવાની છે.

આપણા દેશે આઝાદી બાદ ૧૯૪૭થી ૧૯૯૦ લગભગ ૪૩ વર્ષ સુધી સમાજવાદી સમાજરચનાનાં સ્વપ્નો જોયાં. અલ્પ વિકાસદર અને સરકારી રાહે આર્થિક સંસાધનો વેડફવામાં આવતાં દેશ નાદારીના આરે પહોંચી ગયો. ત્યારબાદ વડાપ્રધાન શ્રી નરસિંહરાવે અને નાણામંત્રી ડૉ. મનમોહનસિંહે આર્થિક સુધારાઓ દ્વારા ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો. દેશનો વિકાસ ઝડપી થયો. ગરીબીનું પ્રમાણ ઘટ્યું, અનેક લોકોની આવક વધી અને સર્વત્ર જીવનધોરણ સુધર્યું છે તેવી અનુભૂતિ થઈ. આ સાથે આપણા દેશમાં હરેક પરિવારને રોટી, કપડાં, મકાનની ત્રણ ન્યૂનતમ જરૂરિયાતો ઉપલબ્ધ થવી જોઈએ તે વાતનો સ્વીકાર કરવામાં આવ્યો. ક્રમશઃ તેમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું શુદ્ધ પાણી, સડક અને વીજળી પણ સૌને વાજબી રીતે મળવાં જોઈએ તે વિચાર માન્ય રહ્યો. યુનાઇટેડ નૅશન્સ (UN) દ્વારા ૨૧મી સદીની શરૂઆતમાં વિકાસના ટકાઉ લક્ષ્યાંકો (Subtainable Development Goals) નક્કી કરવામાં આવ્યા. આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે સમાજના વંચિત લોકોને ચોક્કસ સેવાઓ, સાધનો નિઃશુલ્ક આપવાની જવાબદારી રાજ્યતંત્રની છે તેવું પણ પ્રતિપાદિત થયું. હવે મુશ્કેલી એ છે કે નાગરિકોને કઈ વસ્તુ યા સેવા કેટલા સમય માટે, કેટલા પ્રમાણમાં નિઃશુલ્ક આપવી જોઈએ તે કેમ નક્કી થઈ શકે ?

ઉપરોક્ત પ્રશ્નનો ઉકેલ સરળ નથી. ભારત જેવા દેશમાં રાજ્યોનો - સામાજિક જૂથોનો વિકાસ ખૂબ અસંતુલિત છે ત્યારે સમગ્ર દેશ માટે રાહતની સમાન યોજનાઓનો અમલ ઉચિત નથી. રાજ્યોમાં પણ જિલ્લાઓ વચ્ચે ઘણી અસમાનતા છે. ગુજરાતમાં અમદાવાદ, આણંદ, વડોદરા, સૂરત વગેરે ખૂબ વિકસિત છે. જ્યારે દાહોદ, પંચમહાલ, નર્મદા, પાટણ, છોટાઉદેપુર, ડાંગ વગેરે જિલ્લા ખૂબ પાછળ છે. આના કારણે દરેક વિસ્તાર માટે અને તેમાં પણ ખાસ કરીને વિકાસ ઘટક (બ્લૉક) કક્ષાનું આયોજન ખૂબ જરૂરી છે. ૧૯૭૦ના દાયકામાં અર્થશાસ્ત્રી મિન્હાસે ગરીબોને સહાય આપવા માટે આયોજન કઈ રીતે થઈ શકે તેનું પુસ્તક લખ્યું હતું. આજે પણ તેનાં તારણો અને ભલામણો ખૂબ પ્રસ્તુત છે. કમનસીબે વંચિતોના વિકાસનો એજન્ડા આજે અર્થશાસ્ત્રનો વિષય ન રહેતાં રાજકીય રસ્સાખેંચમાં પરિવર્તિત થયો છે. યુનાઇટેડ નૅશન્સના સર્વાંગી અને ટકાઉ વિકાસના લક્ષ્યાંકો સ્વીકારીને દરેક પક્ષે તેનો કાર્યસૂચિમાં સમાવેશ કરવો જોઈએ. જરૂરિયામંદ, પછાત અને વ્યવસ્થાના કારણે જેઓ શોષણ અને અન્યાયનો ભોગ બન્યા છે તે સૌ સહાયના અધિકારી છે. માનવતાનાં મૂલ્યોની હિફાજત કરવા માટે પણ ઉપનિષદની ભાવના પ્રમાણે તમામ પ્રાણીઓનાં દુઃખ-દર્દ દૂર કરવાં તે રાજકીય પક્ષોની જ નહીં, પણ આપણા સહુની સહિયારી ફરજ છે.

કોઈ પણ વ્યક્તિ કે પરિવારનો ટકાઉ વિકાસ કરવો હોય તો તેમની આવક સુનિશ્ચિત થાય તેવું કામ કે નોકરી મળે તે આવશ્યક છે. આપણા દેશમાં આઝાદી બાદ જે વસ્તી-વધારો (વિસ્ફોટ) થયો છે, તેના કારણે ગરીબીનિવારણની સમસ્યા ચાલુ જ રહી છે. હવે વસ્તીવધારાના દરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, ત્યારે ગ્રામીણ કક્ષાએ વાસ્તવિક અને સચોટ આયોજન કરવું અનિવાર્ય છે. ઉદાહરણ તરીકે જોઈએ કે મહાત્મા ગાંધી નૅશનલ રૂરલ ઍમ્પ્લૉયમેન્ટ ગૅરંટી સ્કીમ હેઠળ ભારત સરકારે અબજો રૂપિયા ખર્ચ્યાં છે. આ 'નરેગા' યોજના ખેરાત નથી, પણ કામના બદલામાં વેતનની બાંહેધરી આપે છે. છેલ્લાં ૧૫ વર્ષમાં આ યોજનાએ ગ્રામીણ બેરોજગારને આવક આપી છે, પણ તેના દ્વારા ખૂબ થોડી અસ્કામતોનું જ નિર્માણ થઈ શક્યું છે. આની સામે રાજ્ય-સરકારે વાડી યોજના હેઠળ આદિજાતિ વિસ્તારમાં ફળાઉ-વૃક્ષો નિઃશુલ્ક આપતાં ત્યાંના ખેડૂતો માટે આવર્તક આવકનું સારું સાધન પ્રાપ્ત થયું છે. હવે પ્રશ્ન એ નથી કે કોઈને કશું નિઃશુલ્ક ન આપવું. આપણે તપાસવાનો મુદ્દો એ છે કે સહાય આપીને તેના દ્વારા વ્યક્તિ કે પરિવાર સ્વાવલંબી થઈ શકશે ? કશા આયોજન કે ચોક્કસ હેતુ વિના જો સહાય આપવામાં આવે તો સંભવ છે કે તેના કારણે પ્રમાદ વધે, વ્યસન ફાલેફૂલે કે નાણાંનો દુર્વ્યય થાય. ખાસ કરીને સરકાર મોટી નાણાકીય ખાધ કે દવા મારફત આવો ખર્ચ કરે તો મોંઘવારી વધે, કર વધારવો પડે અને ગરીબ જનતા પરનો બોજો વધે.

આપણે કોરોના પહેલાં ગરીબીનું પ્રમાણ ૧૨ ટકા સુધી નીચું લાવી શક્યા હોત, તેમાં આજના સંજોગોમાં ફરી વધારો થયો છે. અંદાજે ૪૦ ટકા પરિવારો બેરોજગારી, માંદગી, મોંઘવારી વગેરે કારણોસર ગરીબીમાં ધકેલાયા છે. આ સમય ખૂબ વિકટ છે. આપણે વિવેકબુદ્ધિથી સમસ્યાનો શીઘ્ર અને કાયમી ઉકેલ કેમ આવે તે માટે રાષ્ટ્રીય સમજૂતી કરવી જરૂરી છે. અન્યથા રાજકીય પક્ષોની હુંસાતુંસીમાં સામાન્ય પ્રજા માટે કઠિન સમય આવશે. શ્રીલંકા, વેનેઝુએલા, ગ્રીસ વગેરે દેશોના દાખલાઓ આપણી સામે છે. સદ્‌નસીબે આપણા દેશનો વિકાસદર ૭થી ૮ ટકા રહેવાની ધારણા છે. આ સંજોગોમાં તમામ રાષ્ટ્રીય પક્ષોએ સ્પર્ધા કરી સરકારી નાણાં વેડફી ન નાખતાં લોકોની સુખાકારી માટે જે જરૂરી છે તે તમામ રાહત/સહાય આપવી જોઈએ. આ પ્રશ્ને વિવાદ અને અવિચારી વચનો ન તો વિકાસ માટે ઉપકારક થશે, ન તો તેનાથી વંચિતો સુખી થશે.

આપણા રાજ્ય અને કેન્દ્રના બજેટમાં ખાતર, વીજળી, નિકાસ, શિક્ષણ, આરોગ્ય, કૌશલ્ય નિર્માણ જેવી બાબતોમાં મોટા પાયે સબસિડી અપાય છે તેનો દુરુપયોગ પણ થાય છે. આ સબસિડી કાયમી રીતે વધતી રહે તે કરતાં વંચિતોને આવક વધારવામાં ઉપયોગી તમામ સેવા-સાધનો તેને પહોંચાડાય તો ભારતને આર્થિક મહાસત્તા બનાવવાનું સ્વપ્ન ખૂબ ઝડપથી સાકાર કરી શકીશું.

**– પ્રવીણ ક. લહેરી**

# સ્મૃતિશેષ સારસ્વત કનુભાઈ જાની



શ્રી કનુભાઈ જાની

તા. ૮-૮-૨૦૨૨ ને સોમવારના દિવસે આજીવન વિદ્યાવ્યાસંગી, અપત્યવાત્સલ્યવાન અને શીલભદ્ર સારસ્વત કનુભાઈ જાની કૈલાસવાસી થયા. સમાચાર મળતાં જ ખિન્ન થઈ ગયો. એમની સાથે ગાળેલા પ્રસંગો સ્મરણે ચઢ્યા. વિશ્વકોશના ભવનમાં એક કાર્યક્રમ પછી હું અને હસુભાઈ યાજ્ઞિક કનુભાઈ પાસે ઊભા હતા. હસુભાઈ એમની દીકરી યુવાની રાહ જોતા હતા અને હું મારા મહેશમામાની. થોડી વારમાં એ આવતાં મેં કનુભાઈને કહ્યું, 'સાહેબ, મારા મામા આવી ગયા. હું નીકળું.' તો મને કહે કે, 'હું પણ મામા પાસે થોડો બેસીશ. ત્યાં મધુ આવી જશે' કહીને એ ધીરુભાઈની ચેમ્બરમાં ગયા. મને થયું કે એમના મામા વયોવૃદ્ધ હશે. એમને પાયવંદના કરી લઉં. એટલે પાછળ પાછળ ગયો. પણ ચેમ્બરમાં તો માત્ર આદરણીય ધીરુભાઈ ઠાકર જ. એમની સામે તેઓ આસનસ્થ થયા અને મને જોઈને કહે, 'શું થયું બળવંતભાઈ.' મેં કહ્યું કે, 'તમારા મામાને મળી લઉં એટલે આવ્યો.' ધીરુભાઈ મારી સામે જોઈને હસ્યા. મને કહે, 'કનુભાઈ મારા ભાણેજ છે.' હું આશ્ચર્યચકિત થઈ ગયેલો. એમને વંદન કરીને નીકળી ગયેલો. આવા મોટા ગજાના સારસ્વતના ભાણેજ હોવાનું મારી જેમ લગભગ કોઈ નહીં જાણતું હોય. કનુભાઈ જેવા લૉ પ્રોફાઇલ વિદ્વાન મારા ધ્યાનમાં નથી.

૪-૨-૧૯૨૫ એમનો જન્મદિવસ. પિતાશ્રીનું નામ છોટાલાલભાઈ. મૂળ વતન વીરમગામ. પિતા શિક્ષક હતા. પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ વીરમગામથી. કૉલેજનું શિક્ષણ મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવીને ઈ. સ. ૧૯૪૭માં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે બી.એ.ની પદવી પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે મેળવીને ન. ભો. દિવેટિયા ફેલોશિપ, ભો.જે. ફેલોશિપ અને દક્ષિણા ફેલોશિપ મેળવેલી. ઈ. સ. ૧૯૪૯માં એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. વિદ્યાર્થીકાળ દરમિયાન અનંતરાય રાવળ અને ફિરોજ દાવર જેવા લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન અધ્યાપકોના પ્રીતિપાત્ર વિદ્યાર્થી હતા. એમ.એ. થયા અને તરત જ વહીવટી વિભાગમાં રેવન્યૂ ખાતામાં સરકારી નોકરી મેળવી. પાલનપુર અને પેટલાદ સેવાઓ આપેલી.

ઈ. સ. ૧૯૫૦થી રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપકપદે નિયુક્તિ પામ્યા. છ વર્ષ સુધી અહીં અધ્યાપનકાર્ય બાદ ચાર વર્ષ સુધી જામનગરની ડી. કે. વી. કૉલેજમાં, પછી એક વર્ષ ભુજની લાલન કૉલેજમાં અને

ત્યાર બાદ પુનઃ ઈ. સ. ૧૯૬૧થી છ વર્ષ સુધી જામનગરની ડી. કે. વી. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપન કરાવ્યા પછી ઈ. સ. ૧૯૬૬ થી ગુજરાતની સુખ્યાત વિદ્યાસંસ્થા ગૂજરાત વિદ્યાપીઠમાં ગુજરાતીના અધ્યાપકપદે સેવારત રહીને ઈ. સ. ૧૯૮૫માં અધ્યાપનકાર્યમાંથી સેવાનિવૃત્ત થયા. અહીં તેમણે મ. દે. મહાવિદ્યાલયમાં ગુજરાતી વિષયમાં લોકસાહિત્ય અને વનવાસી પ્રજાના આદિવાસી સાહિત્ય માટે વિદ્યાર્થીઓને સિદ્ધાન્તલક્ષી અને ક્ષેત્રકાર્યલક્ષી કાર્યમાં પ્રેર્યા. ઉપરાંત તેઓએ આ સંસ્થામાં ઉપાચાર્યપદેથી તથા પરીક્ષા-વ્યવસ્થાપકપદેથી પણ પોતાની સંનિષ્ઠ કામગીરી બજાવી હતી.

જશવંત શેખડીવાળા, દિલાવરસિંહ જાડેજા, જયંત કોઠારી, સરૂપ ધ્રુવ, હરેન્દ્ર ભટ્ટ, ભગવાનદાસ પટેલ, અમૃત પટેલ જેવા અનેક વિદ્યાર્થીઓનું તેમણે ઘડતર કરીને દીક્ષિત કર્યા. સાહિત્ય, લોકસાહિત્ય અને વિવેચનક્ષેત્રે ક્રિયાશીલ રાખ્યા.

એમ.એ.ના અભ્યાસકાળ દરમિયાન જ મુનિશ્રી રત્નપ્રભવિજયજીના સહયોગમાં તેમણે અંગ્રેજીમાં 'સ્થવિરાવલિ'નું સંપાદન તૈયાર કરેલું, જે ૧૯૪૮માં પ્રકાશિત થયેલું. મધ્યકાલીન ગુજરાતીની અત્યંત મહત્ત્વની ફાગુપરંપરામાંથી ચાર ફાગુરચનાઓમાંથી પ્રગટતા તત્કાલીન લોકજીવનની વિગતો તારવીને, લોકસાંસ્કૃતિક અભિગમથી મૂલ્યાંકન કરીને મહત્ત્વની ફાગુરચનાઓનું તેમણે કરેલું સંપાદન પણ મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સંદર્ભે ઘણું મહત્ત્વનું છે. સંસ્કૃત અને અંગ્રેજી ભાષાનું ઊંડું જ્ઞાન હોવાને કારણે જે-તે વિષયની પશ્ચિમની પાયાની સમજ અને સૈદ્ધાન્તિક અવધારણા તેમણે તેમના સ્વાધ્યાય અને અભ્યાસમાં સમાવિષ્ટ કરી. ૧૯૬૦માં 'માયાલોક' નામનું, નવલકથાના સ્વરૂપને સમજાવતું પુસ્તક પ્રકાશિત કરેલું, જેમાં એમને વિનોદ અધ્વર્યુ જેવા વિદ્વાનોનો સહયોગ મળેલો. સિદ્ધાન્તની સમજણ અને કૃતિનું આસ્વાદમૂલક રસલક્ષી વિવેચન ઉપરાંત પશ્ચિમ અને પૂર્વની વિભાવનાનો વિનિયોગ એમાં જોવા મળે છે. તાજેતરમાં પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ દ્વારા એ પુનઃમુદ્રિત થયું છે.

* * *

ઝવેરચંદ મેઘાણી વિશેનો તેમનો ભારે ઊંડો અભ્યાસ. અર્વાચીન ગુજરાતી વિવેચનમાં તેમનું મહત્ત્વનું પ્રદાન છે. ઈ. સ. ૧૯૮૧માં 'વીરડો'ના માધ્યમથી મેઘાણીની સમગ્ર વાઙ્મયસૂચિ અને મેઘાણીની સંદર્ભસામગ્રીનું તેમનું પ્રકાશન દિશાદર્શનરૂપ છે. પછી તેમણે રચેલું મેઘાણીનું ચરિત્ર 'કુમાર'માં ધારાવાહી રૂપે પ્રકાશિત થયું, એ કારણે ૧૯૭૩નો કુમારચંદ્રક તેમને એનાયત થયો. એ પછી તેઓ 'કથાસરિત્સાગર'ના ગુજરાતીમાં સ્વાધ્યાયપૂર્ણ અને તુલનાત્મક અભ્યાસના નિર્દેશો કરાવતા. વળી એના અભ્યાસપૂર્ણ ટિપ્પણને કારણે એ અનુવાદે ઘણી આશા જગાવેલી, પરંતુ એ અપૂર્ણ રહ્યો અને અગ્રંથસ્થ પણ રહ્યો. આપણે એમના ઊંડા અભ્યાસથી અપરિચિત રહી ગયા. જેટલો ભાગ ધારાવાહી રૂપે પ્રકાશિત છે એનું પ્રકાશન થવું જોઈએ. 'મેઘાણી છબી' (૧૯૯૬), 'મેઘાણીચરિત' (૨૦૦૨) એ એમના મેઘાણીના વ્યક્તિત્વ અને વાઙ્મયની ટૂંકી પણ મહત્ત્વની તમામ વિગતોને આવરી લેતા મહત્ત્વના

ગ્રંથો છે. એમણે મેઘાણી સાહિત્યના સંદર્ભે વિવિધ વિદ્વાનો પાસેથી અભ્યાસલેખો તૈયાર કરાવીને તૈયાર કરેલું સંપાદન ‘શબદનો સોદાગર’ (૧૯૯૭) જૂની અને નવી પેઢીના અભ્યાસીઓના અર્કરૂપ બને તેવું છે. ગુજરાત સરકારના માહિતી ખાતાએ એ દળદાર ગ્રંથ પ્રકાશિત કરેલો. એનું પણ પુનઃમુદ્રણ થવું જોઈએ. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે મેઘાણી શતાબ્દી ઉજવણી નિમિત્તે બોટાદકર કૉલેજમાં પરિસંવાદ યોજેલો એમાં વંચાયેલા નિબંધોનું સંપાદન ‘મેઘાણી શતાબ્દી વંદના : બોટાદને આંગણે’ (૧૯૯૯) પણ મહત્ત્વનું સંપાદન છે.

*   *   *

‘શબ્દનિમિત્ત’ (૧૯૭૯) તેમના વિવેચનલેખોનો સંચય છે. કાન્ત, ગાંધીજી, મેઘાણી જેવા મહત્ત્વના લેખકો વિશેનાં તેમનાં સૂક્ષ્મ નિરીક્ષણો આસ્વાદ્ય શૈલીમાં મળે છે. ‘દુર્ગારામ મહેતાજી’ નામની પરિચય પુસ્તિકા સુધારક યુગના મહત્ત્વના નિબંધકાર, શિક્ષણશાસ્ત્રી વિશેની ઘણી નવી વિગતોને કારણે ગુજરાતી ઇતિહાસમાં પૂર્તિરૂપ છે. અભ્યાસીઓને એ ખૂબ ઉપયોગી બની રહેશે. મુકુન્દરાય પારાશર્ય જેવા મહત્ત્વના કવિ, નિબંધકારના સમગ્ર સાહિત્યને મૂલવતા લેખોને ત્રણ ભાગમાં વિભાજિત કરીને અનેક અભ્યાસીઓને મુકુન્દરાય પારાશર્ય વિશે સ્વાધ્યાય કરવા પ્રેર્યા.

ગુજરાતીમાં પ્રકાશિત લોકસાહિત્યમાંથી લોકગીત, લોકકથા અને ભવાઈવિષયક સંપાદનોમાં કોનું પ્રદાન કેવા પ્રકાર અને પદ્ધતિનું છે તેનો પરિચય કરાવતા અને મૂલવતા. ઇતિહાસમૂલક લેખોને કારણે ગુજરાતી લોકસાહિત્ય-સંપાદનનો શ્રદ્ધેય અને શાસ્ત્રીય ઇતિહાસ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. લોકસાહિત્યની વિભાવના અને વર્ગીકરણ, લોકકથાના પ્રકારો વગેરે એમના ભારે શ્રદ્ધેય લેખો અભ્યાસીઓ માટે હાથપોથીરૂપ છે. એ બધા લેખોનો સંચય એટલે ‘લોકવાઙ્મય’ (૧૯૯૨). એમણે અહીં લોકસાહિત્ય માટે લોકવાઙ્મય સંજ્ઞા પ્રયોજી છે. પ્રમાણભૂત સામગ્રીનું એકત્રીકરણ, ચયન, વિશ્લેષણ અને એમાં પશ્ચિમી શાસ્ત્રનો આ અંગેના મહત્ત્વના ગ્રંથોનો અભ્યાસ પણ પ્રવેશતો હોઈને એમના લેખો સૈદ્ધાન્તિક પીઠિકા રચી આપતા હોય છે. કનુભાઈ જાનીના મોટિફ અને ટાઇપની સંજ્ઞા-પરિભાષા તથા વિભાવનાને સ્પષ્ટ કરી આપતા લેખો આનું સુંદર ઉદાહરણ છે.

આવા કર્મઠ, લોકસાહિત્યને સમર્પિત અને વિદ્યાર્થીવત્સલ કનુભાઈ જાની સાથે ઈ. સ. ૧૯૯૧-૯૨ દરમિયાન ભારે નિકટતાથી સંકળાવાનું બન્યું. મારા લોકસાહિત્ય અધ્યયનનો મારા માટે ત્રીજો ગાળો. પહેલો તો અહીં રાજકોટમાં જયમલ્લ પરમાર અને પુષ્કર ચંદરવાકર સાથેનો. પછીથી ડૉ. હરિવલ્લભ ભાયાણી પાસે હસુભાઈ સાથે મેળવેલ જ્ઞાનરાશિ. પછીથી કનુભાઈ જાનીના સત્સંગનો લાભ મળ્યો. એમની સંગત સાંપડી અને લોકસાહિત્યની પંગતમાં સ્થાન મળ્યું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ઈ. સ. ૧૯૯૧માં કનુભાઈ જાનીને ‘નહેરુ ચૅર’ હેઠળ કૅમ્પસ પ્રોફેસર તરીકે નિમંત્ર્યા. યુનિવર્સિટી કૅમ્પસની ઊબડખાબડ ભૂમિમાં એમની સાથે એ દિવસોમાં વિહરવાનું થતું.

એમની માન્યતા હતી કે લોકસાહિત્યનો ઇતિહાસ સમજવો જોઈએ. એમણે પહેલવહેલો ગુજરાતમાં લોકગીતનાં-લોકકથાનાં સંપાદનોનો ઇતિહાસ આપ્યો. આ સંપાદન અન્ય કરતાં વિશિષ્ટ-આગવું છે અને એમાં આગવી પદ્ધતિ અપનાવાઈ છે. 'વિદ્યાપીઠ' સામયિકમાં પ્રકાશિત એમના લેખોની ઝૅરૉક્ષ કૉપી એ સમયે વિદ્યાપીઠ ગ્રંથાલયમાંથી મેં કરાવેલી. ત્યારે ઝૅરૉક્ષ ખૂબ મોંઘું હતું.

* * *

અહીંના એમના નિવાસકાળ દરમિયાન મોટેભાગે મારે યુનિવર્સિટીથી છૂટીને ઘરે નહીં પણ યુનિવર્સિટી ગેસ્ટ હાઉસમાં એમના રૂમમાં બેસવાનું બને. વાતોની શૃંખલા ચાલે. કલાક - બે કલાક. મધુબહેને એમને બંધાવી આપેલી ફરસી પૂરી, તીખી પૂરી ખાઈએ અને પુરોહિતભાઈ ચા પૂરી પાડે. તેઓ 'કથાસરિત્સાગર' પર કામ કરતા એટલે એમનાં કથાનકો-કથાઘટકો વિશે કહે. હું ખૂબ સમૃદ્ધ થયો એ વરસોમાં એમના દ્વારા. એમને મઠિયાં ખૂબ ભાવે એટલે ઊર્મિલા એક ઍરટાઇટ ડબ્બામાં એમના માટે વાર-તહેવારે એમને જ આપવા મને આપે. પછી હોમસાયન્સના પ્રા. વ્યાસજી આવે અને હું વિદાય લઉં.

આ સમયગાળા દરમિયાન એમના અન્ય લેખો પણ એમની પાસેથી જોવા-વાંચવા મળ્યા. એમની પાસેથી આર્નેનું પુસ્તક વાંચવા મળેલું. એમની માર્જિનલ નોટ્સ સાથેનું. એ નોટ્સ મને ત્યારે ઉપયોગી થયેલી, કનુભાઈના દ્વારા આર્નેને સમજવામાં. એમનો 'લોકવાઙ્મય' ગ્રંથ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થાય એવો આગ્રહ. એમણે નિવેદનમાં લખેલા ખરડાનો પહેલો વાચક પણ હું. પાર્શ્વ પ્રકાશન દ્વારા જલદી છપાય એનું ફોલોઅપ કરતો. એમણે સ્વહસ્તાક્ષરે પોતાની પ્રત મને આપતાં લખેલું, 'મારા નામેરી મારા કરતાં પણ અદકેરા બળૂકા બનો...' વાંચતાં મારી આંખ ભરાઈ ગયેલી. મારા દાદાજી મને કનુ કહેતા એની કનુભાઈને ખબર પડી ગયેલી અને મને શિષ્ય-પુત્ર માન્યો હશે અન્યથા પોતાના કરતાં વધુ બળૂકા બનો એવું કોણ ઉચ્ચારે... કનુભાઈના મેં ચરણસ્પર્શ કરેલા. એમની વત્સલ હથેળીનો મસ્તકને થયેલો સ્પર્શ આજે પણ ચિત્તમાં અકબંધ છે.

* * *

કનુભાઈ જાનીનાં આવા ઉમદા અભ્યાસી વ્યક્તિત્વ અને મોટા ગજાના સારસ્વત તરીકે પોંખણાં પણ ખૂબ થયાં છે. એમને અનેક માન-સન્માન મળ્યાં છે. એમાંનું અત્યંત મહત્ત્વનું ગણીએ તો સંશોધન માટેનો 'હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક' એમને એનાયત થયેલ. મોરારિબાપુ પ્રેરિત લોકસાહિત્યના વિદ્વાનને અપાતો 'કાગ ઍવૉર્ડ' પણ એમને મોરારિબાપુના હસ્તે અર્પણ કરવામાં આવેલો. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત 'શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર' દ્વારા અપાતો રૂપિયા એક લાખનો 'મેઘાણી લોકસાહિત્ય ઍવૉર્ડ' એમને એનાયત થયેલ.

**— બળવંત જાની**

# ટાલ વિશે !

માણસ કેવું વિચિત્ર પ્રાણી છે ! દાઢી પર વાળ ઊગે એ એને ગમતું નથી, તો માથા પર વાળ ન ઊગે એ પણ એને ગમતું નથી! આ વિચિત્રતા તો પુરુષોની છે. એમાં સમગ્ર માનવજાતને સંડોવવાની શી જરૂર છે એવો પ્રશ્ન કોઈ પૂછી શકે. પહેલી નજરે આ પ્રશ્ન વાજબી લાગે પણ ખરેખર એમ નથી. વાસ્તવમાં તો સ્ત્રીઓને જ પુરુષોની ટાલ કે દાઢી બેમાંથી એકેય ગમતાં નથી, એટલે જ પુરુષોને પણ દાઢી અને ટાલ તરફ ધીરે ધીરે અણગમો થવા માંડે છે. અમારા એક મિત્ર એકંદરે આળસુ હોવાની કીર્તિ ધરાવે છે, પણ દાઢી કરવામાં એકદમ નિયમિત છે. મેં એમને એક વાર પૂછ્યું, ‘તમે તો તમારું ચાલે તો જમવામાંય આળસ કરો એવા છો. તમને આ રોજ રોજ દાઢી કરવાની આળસ નથી ચડતી ?’

‘આળસ તો એવી ચડે છે કે વાત પૂછો મા. પણ સવારના હું દાઢી કરું પછી જ તમારી ભાભી મને ચા બનાવી દે છે.’ એમણે કહ્યું. દાઢી કરવામાં આનંદ આવતો હોય કે દાઢી કરવાનો કંટાળો ન આવતો હોય એવો પુરુષ આ જગત વિશે મળવો મુશ્કેલ છે. સ્ત્રીઓને જો દાઢીની ઍલર્જી ન હોત તો આ જગતમાં મોટા ભાગના પુરુષો દાઢી-મૂછવાળા જોવા મળત! રેઝર, બ્લેડ, શેવિંગ માટેનાં ક્રીમ, સાબુ વગેરેના ઉત્પાદકો આ બાબતમાં સ્ત્રીજાતિના ઋણી છે.

છેક પૌરાણિક કાળથી સ્ત્રીઓ દાઢી અને ટાલને રિજેક્ટ કરતી આવી છે.

આપણા બધા ભગવાનોની મનોહર છબીઓનાં દર્શન કરતી વખતે તમે એક બાબત માર્ક કરી ? આપણા બધા ભગવાનો ક્લીન શેવ્ડ હોય છે. આપણા એક પણ ભગવાન દાઢી-મૂછ નથી રાખતા. હા, શંકર ભગવાનની દાઢી-મૂછવાળી એક છબી જોવા મળે છે, પણ દેવાધિદેવે શ્રાવણ મહિનામાં દાઢી-મૂછ વધારવાની ખાસ કિસ્સા તરીકે મંજૂરી મેળવી હોય એ શક્ય છે. એટલે મહાદેવજીની દાઢી-મૂછવાળી છબી શ્રાવણ માસ દરમિયાનની હોય એમ બને. પુરુષોને પણ આ કારણે શ્રાવણ મહિનામાં દાઢી વધારવાની છૂટ મળે છે. અમારા એક મિત્ર શ્રાવણ મહિનામાં એકટાણાં નથી કરતા પણ દાઢી વધારે છે !

ભક્ત ભીડમાં હોય અને વિષ્ણુ ભગવાનને ભક્તોની સહાયમાં દોડી જવાનું હોય ત્યારે પ્રભુ પળભરનોય વિલંબ નથી કરતા પણ આવે વખતે પ્રભુ દાઢી કરવાની પડતી મૂકી ગરુડ પર બેસી ગયા હોય એવું એક પણ વર્ણન વિષ્ણુપુરાણમાં આવતું નથી. ‘સુદામો આવ્યો છે’, એવું સાંભળતાં શ્રીકૃષ્ણ ઉઘાડા પગે દોડી ગયા હતા. પીતાંબરની પાટલીનો છેડો પગમાં આવતાં પ્રભુ પડી ગયા તોપણ ઊઠીને પાછા દોડ્યા એવું વર્ણન

'સુદામાચરિત્ર'માં આવે છે, પણ એ વખતે શ્રીકૃષ્ણ જો દાઢી કરતા હોત તો સુદામાને થોડી વાર માટે ડ્રૉઇંગ રૂમમાં વેઈટ થવું પડ્યું હોત!

દાઢી વગરના - ક્લીન શેવ્ડ અને લાંબા વાંકડિયા વાળવાળા શ્રીકૃષ્ણચંદ્ર પુરુષના મનોહર રૂપનો આદર્શ છે. શ્રીકૃષ્ણ જો દાઢીવાળા હોત અને એમના માથે વિશાળ ટાલ હોત, તો પુરુષના મનોહર રૂપનો એ આદર્શ ગણાત, એમ હું દૃઢપણે માનું છું. આપણા એકાદ ભગવાન - ખાસ કરીને શ્રીકૃષ્ણપ્રભુ ટાલવાળા હોત (અને પ્રભુ માટે ક્યાં કશું અશક્ય હતું ?) તો પુરુષજાત પર કેટલો ઉપકાર થાત ! સરેરાશ પુરુષ કરતાં સોળ હજાર એકસો આઠગણી મુશ્કેલીઓ વેઠનાર પ્રભુએ પણ પુરુષોની આટલી ફેવર ન કરી ! આ કારણે સ્ત્રીના મન પર પુરુષના મનોહર રૂપની જે છબી અંકિત થાય છે એમાં ટાલ ક્યાંય ફિટ થતી નથી અને એટલે જ પુરુષમાત્રને પોતાનું ટાલવાળું માથું ગમતું નથી.

માથા પર ટાલ પડવા માંડે છે એનું દુઃખ કેવું હોય છે એની કેવળ સ્વાનુભવથી જ ખબર પડે છે. મારે માથે એકદમ ઘટ્ટ વાળ હતા. એ લાંબા કાળા ઘટ્ટ વાળનું મને ભારે અભિમાન હતું. દેખાવની બાબતમાં આ વાળ સિવાય અભિમાન લેવા જેવું મારી પાસે કશું નહોતું. પણ એક વાળને કારણે મારો વટ પડતો. પણ, ઇન્દિરાબહેને બૅન્કોનું રાષ્ટ્રીયકરણ એકાએક કરી નાખ્યું હતું તેમ મારા વાળનું એકાએક સફેદીકરણ થવા માંડ્યું. વાળ વિશેના મારા અભિમાનના કિલ્લામાં પહેલવહેલું ગાબડું પડ્યું. પણ બીજાંઓનું મોટું દુઃખ જોઈ માણસ પોતાનું નાનું દુઃખ ભૂલી જાય છે તેમ ટાલવાળા માણસોની ટાલ જોઈને હું સફેદ વાળનું દુઃખ ભૂલવા મથતો. પણ દુઃખ આવે ત્યારે સામટું આવે છે. વાળના સફેદીકરણની પીડા વિસારે પાડવા માટે પ્રયત્ન કરતો હતો ત્યાં વાળ ધીમે ધીમે ઓછા અને આછા થવા માંડ્યા. ગિરનારની શિલાઓને પડતી જોઈ રાણકદેવીને જે વેદના થઈ હતી તેવી જ વેદના મને ખરતા વાળને કારણે થવા માંડી. 'મા પડ મારા આધાર' કહી રાણકદેવીએ એક જ વાર ના પાડી તો શિલાઓ પડતી અટકી ગઈ હતી. મેં પણ 'મા પડ મારા (રૂપના) આધાર' કહી અનેક વાર મારા વાળને ખરતા અટકી જવા વિનંતી કરી હતી; પરંતુ મારા વાળે મારી વાત કાને ન ધરી અને વાળનું એક જૂથ મારા માથાનો સાથ છોડી જતું રહ્યું. જોકે મારા માથે હજુ સંપૂર્ણ ટાલ નથી પડી એટલું આશ્વાસન લઈ શકાય એવું છે. પણ મારા માથા પર ટાલ પડે કે પડશે એવું તો ઘણા સમયથી લાગે છે. વાળ ઓછા થાય છે એ કારણે ટાલ પડવાની ચિંતા થયા કરે છે અને ટાલ પડવાની ચિંતાને કારણે વાળ વધુ ઓછા થાય છે. ઈમારતનાં ખંડેરો પરથી ઈમારતની ભૂતપૂર્વ ભવ્યતાનો અણસાર આવી શકે. 'ખંડહર કહતે હૈં, ઈમારત બુલંદ થી' એવો એક શેર છે. સૌંદર્યમૂર્તિ સ્ત્રી વૃદ્ધ થઈ જાય છે તોપણ એના આજના ભૂતપૂર્વ પણ એક વખતના અભૂતપૂર્વ સૌંદર્યનો અણસાર તો આવે જ છે. પણ આજના મારા વાળ પરથી મારા વાળની ભૂતપૂર્વ ભવ્યતાનો કશો ખ્યાલ આવી શકે તેમ નથી.

ટાલ પર વાળ ઉગાડવાની ગૅરંટી આપતા એક તેલની જાહેરાત વાંચી. આ તેલ વાપરવાની મને ઇચ્છા થયેલી. પણ તેલના ભાવ (રૂ. ૧૦૦૦માં ૧૦૦ મિલી.) સાંભળ્યા પછી લાગ્યું, તેલ કદાચ વાળ ઉગાડી શકે એવું હશે પણ તેલનો ભાવ ટાલ પાડી નાખે એવો છે, એટલે પછી એ દિશામાં આગળ જવાનું માંડી વાળ્યું.

ટાલ માણસને સહેજે ગમતી ન હોવા છતાં ટાલવાળું માથું ગુમાવવા પણ કોઈ તૈયાર હોતું નથી. મારા માથા પર ધારો કે સંપૂર્ણ ટાલ પડી જાય તોપણ મારું માથું ભંગારનો સામાન લેવાવાળાને (માથાની અંદરની સામગ્રી ભંગારના ભાવે પણ કોઈ લેવા તૈયાર થાય એવી ન હોવા છતાં) આપી દેવા હું તૈયાર ન થાઉં.

ચીને કબજે કરેલી કેટલીક જમીન સરકાર પાછી ન મેળવી શકી ત્યારે એ નિષ્ફળતાનો બચાવ કરતાં એ વખતના વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ સંસદમાં કહેલું કે, ‘આ જમીનમાં કશું ઊગતું નથી એટલે એ જમીન આમ પણ નકામી છે.’ ત્યારે પ્રખર ગાંધીવાદી નેતા મહાવીર ત્યાગીએ માથા પરથી ટોપી ઉતારી પૂછ્યું હતું કે ‘એમ તો મારા માથા પર પણ કશું ઊગતું નથી, તેથી માનનીય વડાપ્રધાનશ્રી એ પ્રદેશ નકામો છે એવું કહી શકશે ?’

‘ટાલિયો નર કો’ક નિર્ધન’ એવી એક કહેવત હું નાની ઉંમરથી સાંભળતો આવ્યો છું. માથા પર ટાલના અણસાર દેખાયા એટલે નિર્ધન માતા-પિતાના આ નિર્ધન પુત્રના મનમાં ધનિક થવાની આશા જન્મેલી. પણ ટાલ વધવા માંડી એ સાથે ધન ન વધ્યું. એટલે સામુદ્રિક શાસ્ત્રના જાણકાર એવા મારા એક મિત્રને આનું કારણ પૂછ્યું. એમણે કહ્યું, ‘ટાલિયો નર કો’ક નિર્ધન’ - એવી કહેવત છે એ સાચું, પણ તમારો સમાવેશ ભગવાને ‘પેલા ‘કો’કવાળા વિભાગમાં કર્યો હોય એવું લાગે છે.’ ટાલવાળા પુરુષો બુદ્ધિશાળી હોય છે. મારા માથા પર જ્યારે ઘટ્ટ વાળ હતા ત્યારે એક વાર મને મારો બુદ્ધિઆંક જાણવાની ઇચ્છા થયેલી. બુદ્ધિઆંક માટેની એક કસોટી ભરીને મેં મારા એક નિષ્ણાત મિત્રને આપીને કહ્યું, ‘મુંબઈના મારા એક સ્નેહી પોતાની પુત્રી આ છોકરા સાથે પરણાવવા માગે છે. આ છોકરાનો બુદ્ધિઆંક કેટલો છે એ એમને જાણવું છે.’ મિત્ર બુદ્ધિકસોટીવાળું પત્રક લઈ ગયા અને ત્રણ દિવસ પછી ચિંતાતુર વદને મારી પાસે આવ્યા અને બોલ્યા, ‘તમારા સ્નેહીને ટેલિફોન કરીને કહી દો કે તમારી દીકરીને આ ઇડિયટ સાથે પરણાવવા કરતાં મુંબઈના દરિયામાં નાખી દો.’ આ સાંભળી મને કેટલો આઘાત લાગ્યો હશે એ તમે કલ્પી શકશો. મારા માથા પર ટાલની વૃદ્ધિ થવા છતાં બુદ્ધિ વધવાનાં કોઈ ચિહ્નો જણાયાં નહિ એટલે મનોવિજ્ઞાનના જ્ઞાતા એવા મારા એક મિત્રને આનું કારણ પૂછ્યું. એમણે કહ્યું, ‘કેટલાક પ્રખર બુદ્ધિશાળી માણસોને ટાલ હોય છે એ ખરું છે, પણ ટાલવાળા બધા માણસો ખરેખર બુદ્ધિવાળા હોય છે એવું સાબિત નથી થયું. માટે જે કંઈ બુદ્ધિ છે એનો ઉપયોગ ટાલ પર વાળ ઉગાડવામાં કરો.’

માથા પર ટાલ વધતી જાય છે. પણ ટાલની સાથે ધન અને બુદ્ધિ વધવાની આશા મેં કાયમ માટે છોડી દીધી છે.

**– રતિલાલ બોરીસાગર**

# સેમિકન્ડક્ટરના ઉત્પાદનમાં ભારતનો નવો લક્ષ્યાંક !

સેમિકન્ડક્ટર. આ ટચૂકડું ઈલેક્ટ્રિકલ બંધારણ ટૅક્નૉવર્લ્ડમાં ઘણી મોટી ભૂમિકા ભજવે છે. રેડિયોનો જમાનો હતો ત્યારથી માંડીને સ્માર્ટફોનના યુગ સુધીમાં ઘણું પરિવર્તન આવ્યું છે, પરંતુ સેમિકન્ડક્ટર્સની જરૂરિયાત તો એટલી ને એટલી જ રહી છે. માઈક્રોચિપના નામથી ઓળખાતા સેમિકન્ડક્ટરની સાઈઝ માંડ અડધા ઈંચની હોય છે, પણ તેની જરૂર તમામ ડિવાઈસને પડે છે. ડિજિટલ દુનિયામાં સ્માર્ટફોનથી લઈને લૅપટૉપ, સ્માર્ટવૉચ, કાર, હૉસ્પિટલનાં ટેસ્ટિંગ મશીનોથી લઈને ઘર-કિચનમાં વપરાતી સ્માર્ટ ઈલેક્ટ્રિક ચીજવસ્તુઓમાં સેમિકન્ડક્ટરનો ઉપયોગ અનિવાર્ય છે. એ ઉપરાંત એના વગર લશ્કરી સાધનોનું ઉત્પાદન શક્ય નથી. મિસાઈલથી લઈને ઍન્ટિમિસાઈલ સિસ્ટમ, રડાર સિસ્ટમથી માંડીને કૉમ્યુનિકેશન સિસ્ટમ, વિમાનો, યુદ્ધ-વિમાનો, હેલિકૉપ્ટર્સ, કમ્પ્યૂટર્સ, એટીએમ સુધીની પ્રોડક્ટ્સમાં એની જરૂર પડે છે. સિલિકોન, જર્મેનિયમ, ગેલિયમ અર્સેનાઈડ વગેરેથી બનેલી આ માઈક્રોચિપના બે-ત્રણ પ્રકાર છે.

આ ટચૂકડી ચીજની અછત સર્જાય, તો બધાં જ ઉત્પાદનો અટકી પડે. ૨૦૨૦-૨૧ના વર્ષમાં દુનિયાભરમાં કોરોના આતંક મચાવતો હતો, ત્યારે માઈક્રોચિપ એટલે કે સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન નોંધપાત્ર રીતે ઘટી ગયું હતું. તેની સીધી અસર વિશ્વની અસંખ્ય મોટર ઉત્પાદક અને ઈલેક્ટ્રૉનિક્સ ઉત્પાદક કંપનીઓને થઈ હતી. થોડા મહિનાઓ પહેલાં જ ભારતની મારુતિ-સુઝૂકીએ કહ્યું હતું કે માઈક્રોચિપની અછતને કારણે દોઢ લાખ કાર ઓછી બની હતી. આ જ સ્થિતિ વિશ્વભરમાં સર્જાઈ હતી. કેટલીય કંપનીઓએ લૅપટૉપનું ઉત્પાદન ઘટાડ્યું હતું, તો કેટલીક કંપનીઓએ ચિપ સંચાલિત ઘરેલું ઉત્પાદનો બંધ કર્યાં હતાં. દુનિયાના ૧૭૦ ઉદ્યોગોને એ સમયે માઈક્રોચિપની અછતની સીધી અસર થઈ હતી.

આ સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનમાં મૉનોપૉલી ધરાવે છે ટચૂકડો દેશ તાઈવાન. એમ તો અમેરિકા-જાપાન-ચીનની ઘણી કંપનીઓ સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન કરે છે, પરંતુ તાઈવાન એ બધાને ભારે પડે છે. તાઈવાને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનમાં જે સ્થાન મેળવ્યું છે એ મોટા-મોટા દેશો પણ મેળવી શક્યા નથી. દુનિયામાં સેમિકન્ડક્ટર્સના કુલ માર્કેટમાં ૬૩ ટકા હિસ્સેદારી એકલા તાઈવાનની છે. એમાંય તાઈવાનની એક જ કંપનીનો તાઈવાન સેમિકન્ડક્ટર મૅન્યુફૅક્ચરિંગ કંપની (ટીએસએમસી) પાસે વિશ્વના ૫૩ ટકા બજાર પર એકહથ્થુ અંકુશ છે. અમેરિકા એ બાબતે આત્મનિર્ભર થવા માટે ઘણા પ્રયાસો કરે છે, છતાં એ જરૂરિયાત મુજબનું ઉત્પાદન કરી શકતું નથી. એક વર્ષ પહેલાં જ અમેરિકન કૉંગ્રેસે ઈન્ટેલને ૫૩ અબજ ડૉલરનું ફંડ આપવાની જાહેરાત કરી હતી. એ ફંડમાંથી ઈન્ટેલ સેમિકન્ડક્ટર્સનું નવું યુનિટ બનાવશે. એમાં સિલિકોનના જથ્થાની વિપુલ પ્રમાણમાં જરૂર પડે છે અને સિલિકોન ચીન-તાઈવાનમાં વધારે મળી રહે છે. પરિણામે આ બંને સેમિકન્ડક્ટર્સમાં મૉનોપૉલી ધરાવે છે. હવે એ ઈજારાશાહી તોડવા ભારતે પ્રયાસો આદર્યા છે.

'મેક ઇન ઇન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર-સરકારે દેશને સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાની નીતિ ઘડી છે. અત્યારે દેશમાં બનતી તમામ ઇલેક્ટ્રિકલ ચીજવસ્તુઓમાં વિદેશી સેમિકન્ડક્ટર્સ વપરાય છે. કુલ જરૂરિયાતના ૮૦ ટકા સેમિકન્ડક્ટર્સ આપણે તાઇવાન-ચીન-અમેરિકા પાસેથી આયાત કરીએ છીએ. ધ ઇન્ડિયન ઇલેક્ટ્રૉનિક્સ ઍન્ડ સેમિકન્ડક્ટર્સ ઍસોસિયેશનના જણાવ્યા મુજબ કેન્દ્ર-સરકારની સેમિકન્ડક્ટર્સ ઈકોસિસ્ટમ પૉલિસીના કારણે આપણે સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનીશું, પરંતુ એ બાબત રાતોરાત નહીં થાય. ૨૦૨૬ સુધીમાં દેશમાં સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન ૩૦૦ અબજ ડૉલરે પહોંચાડવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. જોકે, આ લક્ષ્યાંક સુધી પહોંચવા માટે ભારતે ગણતરીનાં વર્ષોમાં મોટી છલાંગ લગાવવી પડશે. પ્રાથમિકતા આપીને એ દિશામાં તાકીદનાં પગલાં ભરવાં પડશે અને એની શરૂઆત પણ થઈ ચૂકી છે. મેક ઇન ઇન્ડિયા પ્રોજેક્ટમાં ભારતીય કંપનીઓ વિદેશી કંપની સાથે સહયોગ કરી શકે છે. તેના ભાગ રૂપે તાઇવાનની સેમિકન્ડક્ટર્સ ઉત્પાદક કંપની સાથે કરાર કરવાની તૈયારી ભારતીય કંપનીઓએ બતાવી છે. ટાટા અને વેદાંતા સહિતની ટોચની કંપનીઓ ઉપરાંત નવી સ્ટાર્ટઅપ કંપનીઓ સાથે તાઇવાનની કંપનીઓના અધિકારીઓ મિટિંગ કરી ચૂક્યા છે. ભારત સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે પ્રથમ તબક્કામાં ૭૬ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી દીધી છે. મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ જેવાં રાજ્યોએ પણ પોતપોતાની રીતે ભારતની પહેલી હરોળની કંપનીઓને પોતાના રાજ્યમાં સેમિકન્ડક્ટર્સના યુનિટ બનાવવા આવકાર્યા છે.



**સેમીકન્ડક્ટર્સનો ઉપયોગ કાર, મોબાઇલ, વિમાનો, હેલિકોપ્ટર્સથી લઈને ઘરમાં વપરાતી દરેક સ્માર્ટ ઇલેક્ટ્રિક ચીજવસ્તુઓમાં અનિવાર્ય છે. સેમિકન્ડક્ટર્સ વિના આ ચીજવસ્તુઓનું નિર્માણ શક્ય નથી.**

વિદેશનીતિમાં ઝડપી પગલાં ભરવા માટે અમેરિકા જાણીતું છે. થોડા સમય પહેલાં અમેરિકાએ તાઇવાનની ટીએસએમસી કંપનીને ફંડ આપવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો. વિશ્વની સૌથી મોટી સેમિકન્ડક્ટર્સ કંપનીમાં અમેરિકા રિસર્ચ માટે ફંડિંગ આપે છે. એટલું જ નહીં, અમેરિકન રોકાણકારોએ આ કંપનીમાં માતબર રોકાણ પણ કર્યું છે. ભારતે પણ અમેરિકા જેવી જ નીતિ અજમાવી છે. ભારત સરકારે આ કંપનીને દેશમાં ઉત્પાદન એકમ સ્થાપવા સગવડભર્યું વાતાવરણ આપવાની તૈયારી બતાવી છે. તાઇવાનની કંપનીને ભારતમાં રસ પડવાનું એક કારણ એ પણ છે કે આપણે ત્યાં આઈટી ક્ષેત્રમાં

કુશળ યુવાધન છે. મજૂરીકામ સરળતાથી મળી શકે તેમ છે. નિકાસની કનેક્ટિવિટી પણ બહેતર બની છે. દેશમાં આંતરિક હેરફેર વધારે ઝડપી બની છે અને વળી સસ્તી પણ છે.

નિષ્ણાતો કહે છે કે ભારત પાસે આ શ્રેષ્ઠ સમય છે. સેમિકન્ડક્ટર્સની જરૂરિયાત ક્યારેય ઘટવાની નથી. દિવસે દિવસે તેની માગ વધશે. ભારત ૨૧મી સદીના ત્રીજા દશકાના અંત સુધીમાં સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનમાં હબ બની જાય તો કરોડો યુવાનોને રોજગારી મળશે. વિશ્વમાં અત્યારે છે એના કરતાં પણ વધારે ભારતનું કદ વધશે. ૨૦૨૬ સુધીમાં સેમિકન્ડક્ટર્સના વૈશ્વિક ઉત્પાદનમાં ભારતની હિસ્સેદારી ૧૪-૧૫ ટકા હોય તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. દેશની મોટી કંપનીઓ - ટાટા-વેદાંતા ઉપરાંત રિલાયન્સ-અદાણી-વિપ્રો વગેરે આ ક્ષેત્રમાં માતબર રોકાણ કરે એવી અટકળો વ્યક્ત થઈ રહી છે. 5G નેટવર્કની સાથે જ દેશમાં 5G સપૉર્ટેડ સ્માર્ટફોનની નવી લહેર આવશે. 5Gની દુનિયા ટૅક્નૉલૉજી અનુભવને વધારે બહેતર બનાવશે એટલે વધારે આધુનિક, લેટેસ્ટ જનરેશનના સેમિકન્ડક્ટર્સની જરૂરિયાત ઊભી થશે. ભારતમાં એ દિશામાં સમયસરનાં પગલાં લેવાઈ રહ્યાં છે. તાઈવાન-ચીન-અમેરિકા વચ્ચે સેમિકન્ડક્ટર્સના મુદ્દે જ તંગદિલી ચાલી રહી છે ત્યારે ભારત પાસે આફતને અવસર બનાવવાની ઊજળી તક છે. અછત સામે નત મસ્તકે ઝઝૂમવું કે માથું ઊંચું રાખીને આપબળે અછત દૂર કરવી - એ બેમાંથી એક વિકલ્પ પસંદ કરવાનો આ સમય છે. ભારતે અત્યારે સંઘર્ષપૂર્ણ બીજો વિકલ્પ પસંદ કર્યો છે. મહેનતનું ફળ આ દશકાના અંત સુધીમાં મળવા લાગે એવી ઊજળી આશા છે.

**– હર્ષ મેસવાણિયા**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમત-ગમત, શિક્ષણ, ટૅક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. આથી કદાચ તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# બ્રાહ્મી લિપિના વિકાસ વિશેનો ગ્રંથ

ભારતીય સંસ્કૃતિના ઊંડા ચિંતક, સંશોધક, ઇતિહાસકાર અને લિપિવિદ ડૉ. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખલિખિત સદર ગ્રંથની બીજી આવૃત્તિ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. પ્રસ્તુત ગ્રંથમાં ગુજરાતમાં ઈ. સ. ૧૫૦૦ સુધીનો બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ કુલ ૧૧ પ્રકરણો, ઉપસંહાર અને બે પરિશિષ્ટોમાં વિગતે દર્શાવવામાં આવ્યો છે. પ્રકરણ ૧થી ૭માં અનુક્રમે મૌર્યકાલીન, ક્ષત્રપકાલીન, ગુપ્તકાલીન, મૈત્રકકાલીન, અનુમૈત્રકકાલીન, ચૌલુક્યકાલીન અને અનુચૌલુક્યકાલીન બ્રાહ્મી લિપિના વિકાસની ચર્ચા તેના વિશિષ્ટ લક્ષણો સાથે કરવામાં આવી છે. પ્રકરણ ૮માં અંકચિહ્નો, પ્રકરણ ૯માં સંકેતચિહ્નો, પ્રકરણ ૧૦માં ૧૬મીથી ૧૯મી સદી દરમિયાનની નાગરી લિપિ, પ્રકરણ ૧૧માં ગુજરાતી લિપિની ચર્ચા કરવામાં આવી છે. પરિશિષ્ટ એકમાં જૈન લિપિનો પટ્ટ આપવામાં આવ્યો છે જ્યારે બીજા પરિશિષ્ટમાં લેખનના સાધન અને તેની પ્રક્રિયા વિશે વાત કરવામાં આવી છે. લેખકે પોતાના આ ગહન સંશોધન માટે કુલ ૨૩૫ અભિલેખો, ૧૦૧ જૈનહસ્તપ્રતો અને ૧૧ જૈનેતર હસ્તપ્રતોનો આધાર લીધો છે. અભિલેખો અને હસ્તપ્રતોની સૂચિઓ રજૂ કરવામાં આવી છે. દરેક અભિલેખનું વર્ષ (શક, વિ. સં. અને ઈ. સ.), તેનું પ્રાપ્તિસ્થાન, લેખનો પ્રકાર (શિલાલેખ, સિક્કા, તામ્રપત્ર, ધાતુપ્રતિમા) રાજવંશના અને રાજાના નામનો પણ નિર્દેશ કર્યો છે. હસ્તપ્રતોની સૂચિમાં વર્ષ(મિતિ), ઈ. સ., લેખનો પ્રકાર (તાડપત્ર, કાગળ, કાપડ), લેખનસ્થળ, ગ્રંથનું નામ, ભંડાર અને તેનો ક્રમાંક ઝીણવટપૂર્વક પૂરેપૂરી ચોકસાઈથી આપવામાં આવ્યાં છે. અભિલેખો કયા ગ્રંથો કે સામયિકોમાં પ્રગટ થયા છે તેની પણ સૂચિ આપવામાં આવી છે.

પ્રાચીન કાળમાં ભારતમાં એક સમયે ૬૪ લિપિઓ પ્રચલિત હોવાનું જાણવા મળે છે. તે પૈકી બ્રાહ્મી સૌથી વધુ પ્રચલિત હતી. અશોકના લેખોમાં તેનો થયેલો વિપુલ પ્રયોગ પુરવાર કરે છે કે બ્રાહ્મી તે સમયની રાષ્ટ્રલિપિ હતી. તેનાં વિશિષ્ટ લક્ષણો જોઈએ તો તેના અક્ષરો તથા પંક્તિઓ ડાબેથી જમણે લખાય છે. બોલાય છે તેવું જ લખાય છે અને તેવું જ વંચાય છે. એકમાત્ર ઉર્દૂ લિપિને બાદ કરતાં ભારતની બધી વર્તમાન લિપિઓ બ્રાહ્મીમાંથી ઊતરી આવી છે. ગુજરાતમાં બ્રાહ્મી લિપિના સૌથી પ્રાચીન નમૂના મૌર્ય સમ્રાટ અશોકના ગિરનાર-શૈલલેખમાં પ્રાપ્ત થયા છે. ઉપર્યુક્ત પ્રત્યેક રાજવંશના અભિલેખોમાં કયા કયા વર્ણો પ્રયોજાયા છે તે જણાવી દરેક વર્ણના સ્વરૂપ અને મરોડની વિશેષતાઓ દર્શાવી છે. આ ઉપરાંત સ્વરચિહ્નો, સ્વરચિહ્નો જોડવાની પદ્ધતિ, સંયુક્ત વ્યંજનો - તેમનું સ્વરૂપ અને લક્ષણોની પણ ચર્ચા કરી છે. આ માટે અનેક પટ્ટ રજૂ કર્યા છે, જેનાથી સામાન્ય વાચક પણ વિષયને સમજી શકે. બ્રાહ્મીના વર્ણોનું નાગરી અક્ષરાંતર પણ પટ્ટ દ્વારા દર્શાવ્યું છે. મૈત્રકકાલના અંતભાગમાં સૌરાષ્ટ્રમાં બ્રાહ્મીની ઉત્તરી શૈલી અને દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં દક્ષિણી શૈલી પ્રચલિત હતી.

અભિલેખોમાં સંખ્યાલેખનની બે શૈલીઓ (પદ્ધતિઓ) જોવા મળે છે. પ્રાચીન પદ્ધતિમાં શૂન્યનો પ્રયોગ નહોતો. ૧થી ૯ સુધીની સંખ્યા માટે નવ ચિહ્નો નિયત હતાં. તેવી જ રીતે ૧૦, ૨૦, ૩૦, ૪૦......૯૦, ૧૦૦, ૧૦૦૦ માટે પણ અલગ અલગ ૨૦ ચિહ્નો હતાં. ઈ. સ.ની છઠ્ઠી સદી સુધીના અભિલેખોમાં શૂન્યનો પ્રયોગ જોવા મળતો નથી. ભારતમાં ઈ. સ.ની છઠ્ઠી સદીથી સાહિત્યમાં અને ઈ. સ.ની ૭મી-૮મી સદીથી અભિલેખોમાં શૂન્યના વ્યવહારવાળી (દશાંશપદ્ધતિ) નૂતન શૈલી જોવા મળે છે. બ્રાહ્મીમાં અક્ષરો ડાબેથી જમણે જ્યારે અંકો જમણેથી ડાબે લખાતા. અક્ષરોની જેમ અંકચિહ્નોનું સ્વરૂપ અને તેમનો વિકાસ પણ દર્શાવવામાં આવ્યો છે. જ્યોતિષ, ગણિત, વૈદક, કોશ વગેરે શ્લોકબદ્ધ લખાતા ત્યારે સંખ્યાવાચક શબ્દો શ્લોકમાં સમાવવા મુશ્કેલી પડતી તેથી તેને બદલે સંકેત-અક્ષરો પ્રયોજવામાં આવ્યા. દા. ત., ૧ માટે શશિ, પૃથ્વી, ૨ માટે નયન, બાહુ, કર્ણ, ૩ માટે રામ, ૪ માટે વેદ, ૫(પાંચ) માટે પાંડવ, ૬ સૂચવવા ષણ્મુખ......૧૬ માટે કલા, ૩૨ માટે દંત વગેરેનો પ્રયોગ થતો. ગુજરાતના પ્રાચીન અભિલેખો મોટે ભાગે ગદ્યમાં જ લખાયેલા હોવાથી આવા સંકેતોનો ભાગ્યે જ પ્રયોગ થતો. અભિલેખોમાં વપરાયેલાં વિરામચિહ્નોની પણ ચર્ચા કરવામાં આવી છે. અશોકના ગિરનારના શૈલલેખમાં વિરામચિહ્નો જોવા મળતાં નથી. મૈત્રકકાળથી વિવિધ પ્રકારે વિરામચિહ્નો પ્રયોજાતાં જોવા મળે છે. અભિલેખોમાં શંખાકાર મંગલચિહ્નો પણ જોવા મળે છે. ૐ મંગલચિહ્ન ગુજરાતમાં દંતીવર્માના ઈ. સ. ૮૬૮ના લેખથી પ્રયોજાતું જોવા મળે છે. પંદરમા સૈકા પછી પણ લાંબા સમય સુધી બ્રાહ્મી લિપિનો ઉદ્ભવ અને વિકાસ પણ થતો રહ્યો છે. ગુજરાતમાં નવમા શતકથી નાગરી લિપિનું સ્વરૂપ ઘડાવા લાગ્યું અને ૧૫મા સૈકા સુધીમાં તેણે લગભગ વર્તમાન અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી. એમાંથી ગુજરાતી લિપિનો જન્મ થયો. અગાઉ ગુજરાતી લિપિ ગુર્જર લિપિ, વાણિયાશાઈ લિપિ કે મહાજન લિપિ તરીકે ઓળખાતી હતી. અગિયારમી સદીથી જૈન લિપિમાં હસ્તપ્રતો લખાયેલ જોવા મળે છે. આ પ્રકારના ગ્રંથો મુખ્યત્વે તાડપત્ર અને કાગળ પર લખાયેલા મળે છે. જૈન લિપિનાં મૂળાક્ષરો, સંયુક્ત વ્યંજનો અને અંકચિહ્નોનો ઉત્તરોત્તર વિકાસ દર્શાવ્યો છે.

લિપિના વિકાસને કેન્દ્રમાં રાખીને સંશોધન કેવી રીતે કરી શકાય તેનો આદર્શ નમૂનો આ ગ્રંથ પૂરો પાડે છે. લિપિવિદ્યામાં રસ ધરાવતા લોકો અને અભિલેખવિદ્યાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ ગ્રંથ ઘણો જ ઉપયોગી થઈ પડશે. આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવા માટે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ અભિનંદનને પાત્ર છે. ગુજરાતમાં બ્રાહ્મી લિપિના જાણકાર એવા એકમાત્ર વિદ્વાન ડૉ. પરીખસાહેબના આ જ્ઞાનનો લાભ કેટલીક સંસ્થાઓએ લઈ તેમની પાસેથી બ્રાહ્મી લિપિનું જ્ઞાન લઈને તેનો વારસો જાળવી રાખવા જેવો છે.

(ગુજરાતમાં બ્રાહ્મીથી નાગરી સુધીનો લિપિવિકાસ, લેખક : પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૨૦૨૨. પૃષ્ઠ : ૪૪+૩૦૦ કિંમત ૧૪૦/- ISBN : 978-93-92409-30-1)

**– થોમસ પરમાર**

# ચાલો, ઊઠાં ભણીએ!

સમય છે ૧૯૫૭ની આસપાસનો. અમરેલીની ફૉર્વર્ડ ગુજરાતી શાળાના આચાર્ય અને ગણિતના શિક્ષક શ્રી જાનીસાહેબ વિદ્યાર્થીઓનો ગણિતનો પાયો મજબૂત બને તેનું ખાસ ધ્યાન રાખતા હતા. સવારની પ્રાર્થના પછી એક હારમાં ઊભેલા ચોથા ધોરણના વિદ્યાર્થીમાંથી કોઈ પણ એક વિદ્યાર્થીને ૧થી ૨૦ સુધીના ઘડિયામાંથી કોઈ પણ એક ચોક્કસ ઘડિયો બોલવાનું કહે. તે ઘડિયો પૂરો થાય પછી હારમાં તેની પાછળના વિદ્યાર્થીએ ત્યાર પછીનો ઘડિયો બોલવાનો અને આમ વીસેય ઘડિયા પૂરા કરવાના. આ તેમનો નિત્યક્રમ હતો. વિદ્યાર્થીને પોતાને ભાગે આવેલો ઘડિયો બોલતાં ન આવડે તો તેઓ કોઈ પણ પ્રકારની શિક્ષા નહોતા કરતા પણ શાળામાં પોતાની આબરૂ જાળવી રાખવા માટે વિદ્યાર્થીઓ આંક બરાબર તૈયાર કરતા હતા. બીજા એક પ્રસંગ પર દૃષ્ટિપાત કરીએ. ૧૯૫૦ના સમયગાળામાં અઢી રૂપિયે શેર ખાંડ મળતી હતી. એ સમયે સવા, દોઢ, સવાબે, અઢી ... એમ ઘણી વસ્તુઓ અપૂર્ણાંક રૂપિયે શેર મળતી હતી. માની લો કે કોઈ ગ્રાહકને અઢી રૂપિયે શેરના ભાવની સાત શેર ખાંડ જોઈતી હોય તો વેપારીએ કોઈ પણ સાધન વગર (૭ × ૨ ૧/૨)ની ઝડપથી ગણતરી કરવી પડે જે થોડું કાઠું પડે, પણ જો વેપારીને (૨ ૧/૨)નો ઘડિયો આવડતો હોય તો સરળતા રહે. આ રીતે અપૂર્ણાંકના ઘડિયા જલદી હિસાબ કરવામાં મદદરૂપ થઈ વેપારમાં તેજી બક્ષતા હતા. ફરી વખત યાદ કરી લઈએ કે એ સમયે ઇલેક્ટ્રૉનિક કૅલ્ક્યુલેટર ઉપલબ્ધ ન હતાં. આમ દશાંશપદ્ધતિનો અમલ થયો તે પહેલાંની પેઢીના વિદ્યાર્થીઓને અપૂર્ણાંક અંકોના ઘડિયા પણ યાદ હતા - યાદ કરવા પડતા હતા. અહીં એક ખાસ અપૂર્ણાંક યાદ આવે છે - તે છે સાડા ત્રણ (૩ ૧/૨). ભગવદ્‌ગોમંડળે સાડા ત્રણના ઘડિયાને 'ઊઠાં' તરીકે વ્યાખ્યાંકિત કર્યા છે. એ સમયે વિદ્યાર્થીઓને શિક્ષકો ઊઠાં ભણાવતા અને વિદ્યાર્થીઓ ભણતા પણ ખરા! ગુજરાતીમાં એક રૂઢિપ્રયોગ છે 'ઊઠાં ભણાવવાં'. અહીં ભગવદ્‌ગોમંડળે 'ઊઠાં'ની આપેલી બીજી સમજૂતી 'છેતરપિંડી, ઠગાઈ' વધુ બંધ બેસે છે.

અમદાવાદમાં આજે એક કપડાને ઈસ્ત્રી કરવાના છ રૂપિયા છે. ઝડપથી ગણતરી માટે આજના ધોબીએ છનો ઘડિયો ક્યાં તો યાદ કરી લીધો હોય છે અથવા તો તુરત જ સંદર્ભ માટે છાપેલો છનો ઘડિયો તેના ટેબલ પર ચોંટાડેલો હોય છે. એક ગણિત શિક્ષકના કહેવા મુજબ તેઓ જ્યારે ભણતા હતા ત્યારે '૭૩'નો ઘડિયો યાદ રાખવાની જરૂર પડી ન હતી. જ્યારે તેઓએ અંકગણિતમાં હૂંડીના દાખલા ભણાવવાના શરૂ કર્યા ત્યારે '૭૩'ના ઘડિયાની જરૂર પડી. તેમના કહેવા મુજબ હૂંડીના દાખલા ગણવા માટે ૩૬૫ (વર્ષના દિવસો)ના અશેષ ભાગાકારની જરૂર પડે છે જે ૭૩ના ઘડિયાથી શક્ય બને છે - જેમ કે ૭૩ × ૫ = ૩૬૫. આમ વ્યવસાય અને રોજિંદા વ્યવહારમાં કામ લાગે તે ઘડિયા લોકો યાદ કરી લેતા હતા - કરી લે છે.

ગણિતની વિવિધ શાખાઓ છે - જેમ કે અંકગણિત, બીજગણિત, ભૂમિતિ, ત્રિકોણમિતિ, કલનગણિત વગેરે. આપણા રોજિંદા જીવનમાં અંકગણિત સૌથી વધુ ઉપયોગી છે. અંકગણિત એટલે આંકડાઓના સરવાળા અને બાદબાકી. હવે એક જ અંકનો ઘણી વખત સરવાળો કરવાનો હોય તો? જેમ કે પાંચનો આઠ વખત સરવાળો કરીએ તો જવાબ ૪૦ આવે. (૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ + ૫ = ૪૦.) આ પ્રકારની ગણતરી સરળતાથી કરવા માટે ગુણાકાર કરવામાં આવે છે જેમ કે ૫ × ૮ = ૪૦. આપણે જાણીએ છીએ કે બહુઅંકીય સંખ્યાઓના ગુણાકારના પાયામાં તો એક સંખ્યાનો ગુણાકાર જ છે. આમ જો ૧થી ૯ અંકોનો ૧થી ૯ સંખ્યા સાથેનો ગુણાકાર જો યાદદાસ્તની સહાયથી થઈ શકે તો લાંબા લાંબા બહુઅંકીય સરવાળા કરવામાંથી બચી જવાય. આપણે જાણીએ છીએ કે ગુણાકારના ઘડિયાનો ઉપયોગ ભાગાકાર કરવા માટે પણ થાય છે. આ માટે 'ઘડિયા'ની રચના કરવામાં આવી. વર્ષો પહેલાં 'દેશી હિસાબ' નામની પુસ્તિકામાં 'ઘડિયા' આવતા હતા. પ્રાથમિક શાળામાં ગણિતની પરીક્ષા એટલે ઘડિયા કેટલા 'મોઢે' છે તેની પરીક્ષા. ઘડિયાની પરીક્ષાને 'પલાખાં' કહેવાય છે. ભાષામાં શબ્દો અને ગણિતમાં પલાખાં - આમ દરેક વિદ્યાર્થીની પહેલી પરીક્ષા તો 'શબ્દો અને પલાખાં'ની જ હોય. હા, ઘડિયાને 'પાડા' પણ કહેવામાં આવે છે. આ મૂળભૂત ઘડિયા ઉપરાંત રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓ સાથે મેળ સાધે તે પ્રકારના ઘડિયા પણ પ્રચલિત બન્યા. આપણા દેશમાં અને વિશ્વના મોટાભાગના દેશોમાં અત્યારે દશાંશપદ્ધતિ ઉપયોગમાં લેવાય છે.

૧ એપ્રિલ, ૧૯૫૭ના દિવસે આપણા દેશમાં ચલણમાં દશાંશપદ્ધતિની શરૂઆત થઈ જ્યારે વજન અને લંબાઈ માટે દશાંશપદ્ધતિની શરૂઆત ૧ ઑક્ટોબર, ૧૯૫૮થી થઈ. ૧૯૬૨ સુધી બંને પદ્ધતિઓ માન્ય ગણાતી હતી. ત્યારબાદ ફક્ત દશાંશપદ્ધતિ જ માન્ય પદ્ધતિ છે. ચલણની વાત કરીએ તો ત્યારે ત્રણ પાઈનો એક પૈસો, ચાર પૈસાનો એક આનો અને સોળ આના બરાબર એક રૂપિયો થતો હતો. ચલણમાં એક ચતુર્થાંશ (૧/૪) અને એક 'દ્વિતીયાંશ'(૧/૨) - પા અને અડધા - રૂપિયા મુજબ વ્યવહાર થતો હતો. આમ ૧/૪, ૧/૨ અને ૩/૪ (સવા, દોઢ, પોણા બે...)ના ગુણોત્તરમાં વ્યવહાર ચાલતો હતો. એ સમયે ૧/૪, ૧/૨ અને ૩/૪ દર્શાવવા માટે અનુક્રમે ૦।, ૦।। અને ૦।।। ચિહ્નોનો ઉપયોગ થતો હતો. આ હિસાબે અઢીને (૨.૫ કે ૨૧/૨) ૨।। રીતે લખવું સામાન્ય હતું. લંબાઈ અને વજન માટે પણ આવી જ પરિસ્થિતિ હતી. જૂની પદ્ધતિ મુજબ વજનનો એકમ 'શેર' હતો. એક શેર બરાબર મેટ્રિકપદ્ધતિના ૪૫૩ ગ્રામ થાય. જૂની પદ્ધતિ સાથે આપણે એટલા ટેવાઈ ગયા હતા કે દશાંશપદ્ધતિને અમલમાં મૂક્યે સાઠ વર્ષ થઈ ગયાં છતાં આજે પણ માટુંગા-મુંબઈની શાકમાર્કેટમાં અઢીસો ગ્રામને 'પાવ' કહેવાય છે જ્યારે સૌરાષ્ટ્રનાં કેટલાંક શહેરોમાં આજે પણ ૪૦૦ ગ્રામ એક એકમ તરીકે વ્યવહારમાં છે. આ કદાચ એક શેર બરાબર ૪૫૩ ગ્રામને કારણે હશે.

અત્યારે આપણો વ્યવહાર ૫૦ કે ૧૦૦ના ગુણોત્તરમાં થાય છે. પહેલાંની પદ્ધતિમાં વ્યવહાર પા, અડધા કે પોણાના ગુણોત્તરમાં થતો હતો. આપણો અનુભવ છે કે પૂર્ણાંકના ગુણાકાર - ભાગાકાર કરતાં અપૂર્ણાંક (૧/૪, ૧/૨,....) અઘરો પડે છે. આ એ સમયની

**(અનુસંધાન ૨૬મા પાને)**

# મોબાઇલ ટેક્નોલોજી અને ગુજરાતી ભાષા

૧૫ ઑગસ્ટ, ૨૦૨૨ના રોજ સમગ્ર ભારતમાં 'આઝાદીના અમૃતપર્વ'ની વિવિધ ઉજવણીઓ થઈ અને ૭૫ વર્ષની આ સફરમાં ભારત દેશે ઘણા ઉતાર-ચઢાવ જોયા. દેશ ઘણી ઐતિહાસિક સિદ્ધિઓનો સાક્ષી રહ્યો. ટૅક્નૉલૉજીની ક્રાંતિને કારણે દરેક ક્ષેત્રમાં નવા નવા બદલાવ આવ્યા. આ ક્રાંતિને કારણે ભાષા અને સાહિત્યક્ષેત્રે પણ નવાં નવાં શિખરો સર કર્યાં.

આજે મોબાઈલ ટૅક્નૉલૉજીને કારણે તમે ઘરે બેઠાં જ એક ક્લિકે સમગ્ર વિશ્વની સફર કરી શકો છો. એક ક્લિકે દુનિયાની કોઈ પણ ભાષા શીખી શકો છો, તો પછી તેમાં આપણી માતૃભાષા ગુજરાતી કેવી રીતે પાછળ રહી જાય!

ગુજરાતી લૅક્સિકન દ્વારા રજૂ થતી વિવિધ મોબાઈલ ઍપ્લિકેશન દ્વારા તમે તમારા બાળકોને અથવા તો પરદેશમાં કે દેશમાં વસતા પરિવારના સૌ સભ્યોને સરળતાથી ગુજરાતી ભાષા વિશે માહિતગાર કરી શકો છો. વળી, આ મોબાઈલ ઍપ્લિકેશનના કારણે હવે ગુજરાતી ભાષાની જોડણી તથા તેના અંગ્રેજી કે ગુજરાતી અર્થ પણ તમે જાણી શકો છો અને જોડણીદોષ નિવારી શકો છો.

જેમ અંગ્રેજી શબ્દના અર્થ કે જોડણી માટે ઑક્સફર્ડ ડિક્શનરીને માન્ય ગણવામાં આવે છે તે જ રીતે ગુજરાતી ભાષાના શબ્દોની જોડણી કે અર્થ માટે સાર્થ જોડણીકોશને માન્ય શબ્દકોશ કમ જોડણીકોશ ગણવામાં આવે છે.

આ સાર્થ જોડણીકોશની મોબાઈલ ઍપ્લિકેશન તમે નીચે આપેલી લિંક ઉપરથી ડાઉનલૉડ કરી શકો છો.

**https://play.google.com/store/apps/details?id=com.arnion.sarthdict&hl=en_IN&gl=US**

જો આપ અંગ્રેજી શબ્દોના ગુજરાતી અર્થ કે ગુજરાતી શબ્દોના અંગ્રેજી અર્થ આપતી મોબાઈલ ઍપ્લિકેશનની શોધમાં હોવ તો ક્ષણાર્ધનો પણ વિલંબ કર્યા વિના ગુજરાતી લૅક્સિકન દ્વારા રજૂ કરાયેલી 'ગુજરાતી ડિક્શનરી' એપ ડાઉનલૉડ કરો. આ એપ ડાઉનલૉડ કરવાની લિંક અહીં આપવામાં આવી છે.

**https://play.google.com/store/apps/details?id=com.arnion.glpopup&hl =en_IN&gl=US**

જો આપ ઑનલાઈન સરનામાં ધરાવતાં વિવિધ સામયિકો જેવાં કે '**વિશ્વવિહાર**' કે '**પરબ**' અથવા બ્લોગ જગતની સફર ખેડવા ઈચ્છુક હોવ તો તે આપ અહીં આપેલી લિંકની મદદથી મેળવી શકો છો.

સામયિક : **https://www.gujaratilexicon.com/gujarati-magazines/**

બ્લોગ : **https://www.gujaratilexicon.com/gujarati-blog-world/**

આપ ગુજરાતી કે હિન્દી ભાષામાં ટાઇપ કેવી રીતે કરવું તે શીખવા માંગતા હો તો ગુજરાતી લૅક્સિકન દ્વારા રજૂ કરાયેલ ટાઈપિંગ માસ્ટર આપને મદદરૂપ થશે.

ગુજરાતી કીબોર્ડની મદદ માર્ગદર્શિકા સાથે અહીં આપ વાક્યો કે ફકરા દ્વારા ધીમે ધીમે ગુજરાતી કે હિન્દીમાં ટાઈપ કરવાની શરૂઆત કરી શકો છો. સાથે સાથે તેટલી વિગતો ટાઈપ કરવામાં આપને કેટલો સમય લાગ્યો, કુલ કેટલા શબ્દો ટાઈપ કર્યા, કેટલા શબ્દો ખોટા ટાઈપ કર્યા વગેરે જેવી માહિતી પણ મેળવી શકો છો.

ટાઈપિંગ માસ્ટર માટેની લિંક :

**https://www.gujaratilexicon.com/typing-master/**

અમે દરરોજ ગુજરાતી લૅક્સિકન વેબસાઈટ અને સોશિયલ મીડિયા પર આજનો શબ્દ અને સુવિચાર મૂકીએ છીએ. જો આપ પણ તે શબ્દ કે સુવિચાર મેળવવા ઇચ્છતા હો તો આજે જ અમારા સોશિયલ મીડિયા પેજને લાઈક કરી ફોલો કરો.

ઇન્સ્ટાગ્રામ : **https://www.instagram.com/gujaratilexicon/?hl=en**

ફેસબુક : **https://www.facebook.com/gujaratilexicon/**

ગુજરાતી લૅક્સિકન વેબસાઈટ કે મોબાઈલ ઍપ્લિકેશન સંદર્ભે આપને કોઈ પ્રશ્ન હોય તો આપ અમને **info@gujaratilexicon.com** કે **Gujaratilexicon.com@gmail.com** ઉપર ઈમેલ કરી શકો છો.

---


**(૨૪મા પાનાનું ચાલુ)**

વાત છે કે જ્યારે ઇલેક્ટ્રૉનિક કૅલ્ક્યુલેટર હજુ ક્ષિતિજે હતું. આ સંજોગોમાં સવા, દોઢ, સવા બે, અઢી વગેરેના ઘડિયા ખૂબ જ ઉપયોગી થતા હતા અને તેથી જ આપણે આઝાદ થયા ત્યાં સુધી અપૂર્ણાંક ઘડિયા પણ ગોખવા પડતા હતા. અલબત્ત, પૂર્ણાંક ઘડિયા જેટલા તે લોકપ્રિય ન થયા કે ઉપયોગી પણ ન થયા.

ઘડિયાને અંગ્રેજીમાં Table કહે છે. ઇલેક્ટ્રૉનિક કૅલ્ક્યુલેટરના આગમન પહેલાંના વિજ્ઞાનના વિદ્યાર્થીઓએ લૉગારિધમ ટેબલ (લૉગટેબલ) જરૂર વાપર્યું હોય છે. લૉગ-ટેબલ(લઘુગણક સારણી)ની ગાણિતિક સમજૂતીમાં ઊતર્યા સિવાય તેના ઉપયોગ વિશે વાત કરી લઈએ. ઘણી બહુઅંકીય સંખ્યાઓના ગુણાકાર અને ભાગાકાર ખૂબ સમય લઈ લે છે. તેમાં માનવીય ભૂલ થવાની પણ સંભાવના વધી જાય છે. જ્યારે આ પ્રકારની સંખ્યાઓના સરવાળા-બાદબાકી સહેલાઈથી અને ક્ષતિરહિત કરી શકાય છે. બહુઅંકીય સંખ્યાઓનો ગુણાકાર કે ભાગાકાર કરવાનો હોય ત્યારે દરેક સંખ્યા માટે ‘લૉગટેબલ’ની મદદથી એક બીજી સંખ્યા મેળવવામાં આવે છે. આ રીતે મેળવેલી ‘લૉગ’ સંખ્યાઓના ગુણાકાર માટે સરવાળો અને ભાગાકાર માટે બાદબાકી કરવામાં આવે છે. જે જવાબ આવે તેને ‘ઍન્ટિલૉગટેબલ’ની મદદથી સામાન્ય સંખ્યામાં પરિવર્તિત કરવામાં આવે છે. જોકે ઇલેક્ટ્રૉનિક કૅલ્કયુલેટરે જેમ ઘડિયા યાદ રાખવાનું ભુલાવી દીધું તેમ ‘લૉગટેબલ’ને પણ અભેરાઈએ ચડાવી દીધું. ઇલેક્ટ્રૉનિક કૅલ્કયુલેટર અને કમ્પ્યૂટરની મદદથી અતિ જટિલ બહુસંખ્યક ગણતરી શક્ય બની છે જે ભૂતકાળમાં શક્ય ન હતી. અંતરીક્ષ વિજ્ઞાન અને અન્ય ક્ષેત્રમાં થયેલી આપણી પ્રગતિમાં સટીક ગણતરીનું મોટું યોગદાન છે છતાંય રોજબરોજની નાની નાની ગણતરી માટે તો યાદ રાખેલા ઘડિયા જ કામ લાગે છે.

**– ચિંતન ભટ્ટ**

# નીરવનો નવીન આઇડિયા



નીરવ જૈન

વ્યક્તિ તેનાં વસ્ત્રોથી શોભે છે, તો મકાન ફર્નિચરથી. નવું ફર્નિચર વસાવવાનો કે જૂનું ફર્નિચર બદલવાનો ઉત્સાહ અનેરો હોય છે. સમય જતાં એકનું એક ફર્નિચર જોઈને કંટાળેલી વ્યક્તિઓને ફરી તેને બદલવાની ઇચ્છા જાગે છે. નોકરી-ધંધામાં થતી બદલીને કારણે જૂનું ફર્નિચર નવા ઘરમાં બંધબેસતું લાગતું નથી – આવી અનેક સમસ્યાઓનો ઉકેલ સિટીફર્નિશ(CityFurnish)ના સ્થાપક અને સી.ઇ.ઓ. નીરવ જૈન પાસે છે. નીરવ જૈનના પિતા જોધપુરમાં ૨૮ વર્ષથી ચંદ્રશેખર એક્સપૉર્ટના નામે ફર્નિચરનો ધંધો કરે છે, તેથી આ ઉદ્યોગની ઝીણામાં ઝીણી બાબતોથી નીરવ જૈન પરિચિત હતો. તે જ્યારે કૉલેજમાં અભ્યાસ કરતો હતો, ત્યારે દિલ્હીમાં મિત્રો સાથે ભાડાના ફ્લૅટમાં રહેતો હતો. ફર્નિચરની જરૂરિયાત હોવા છતાં થોડા સમય માટે તો તે ખરીદાય નહીં, તેથી નીરવના મનમાં વિચાર ઉદ્ભવ્યો કે એવી કોઈ સુવિધા હોવી જોઈએ કે થોડા સમય માટે ફર્નિચર ખરીદવું ન પડે અને છતાંય તે મળે ખરું. બસ, અહીંથી સિટીફર્નિશ સ્ટાર્ટઅપની શરૂઆત થઈ કે જે ફર્નિચર ભાડે આપે છે.

આ સ્ટાર્ટઅપ શરૂ કરતાં પહેલાં તેણે ફર્નિચરની પેપર ક્રાય કંપનીમાં એક્સ્પૉર્ટ મૅનેજર તરીકે નોકરી કરી હતી. એણે જોયું કે અત્યારના સમયમાં યુવાનો પોતાના ઘરથી દૂર રહીને અભ્યાસ કરે છે, નોકરી કરે છે, ત્યારે પલંગ, સોફા અને ટેબલ જેવી વસ્તુઓ વસાવવી જરૂરી બને છે. એણે એના ગુડગાંવના ફ્લૅટમાંથી જ સિટીફર્નિશની શરૂઆત કરી. ૨૦૧૫માં એણે સિટીફર્નિશની શરૂઆત કરી, ત્યારે ભારતમાં ફર્લેન્કો અને રેન્ટોમોજો નામનાં બે સ્ટાર્ટઅપ અસ્તિત્વ ધરાવતાં હતાં.

તે કહે છે કે, જ્યારે એણે સિટીફર્નિશની શરૂઆત કરી, ત્યારે ભારતમાં ૯૯ ટકા લોકો ફર્નિચર ખરીદતા હતા. ફર્નિચર ભાડે લેવું એવો કોઈ વિચાર સમાજમાં પ્રચલિત નહોતો. આપણા સમાજમાં ભાડે લેવાની વાતને લોકો જુદી દૃષ્ટિથી જોતા હોય છે. આવી વિચારણા અને લોકોની ટેવમાં પરિવર્તન લાવવાનું હતું. શરૂઆતમાં પચાસ વ્યક્તિઓ ગુડગાંવમાંથી જોડાઈ. શરૂઆતમાં તેઓએ હોટેલ બુકિંગ પદ્ધતિ અપનાવી. ફર્નિચર ભાડે આપે તે શરૂઆતની તારીખ અને ફર્નિચર પાછું આપવાની તારીખ.

આમાં ટૂંકા સમયગાળા માટે ફર્નિચર લેતા હતા. ત્યાર પછી નેટફ્લિક્સ પદ્ધતિ પ્રમાણે મૉડલ તૈયાર કર્યું, તેમાં ગ્રાહકો વધી ગયા. શરૂઆતમાં તેઓ ગ્રાહકો મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરતા હતા, પરંતુ પછી એની સાથોસાથ જૂના ગ્રાહકો જળવાઈ રહે તેના પર પણ ધ્યાન આપવા લાગ્યા. જૂના ગ્રાહકોને ત્રીસથી ચાલીસ ટકાનું વળતર પણ આપવા લાગ્યા. તે ઉપરાંત તે જ સમયગાળામાં ગ્રાહકની એક શહેરમાંથી બીજા શહેરમાં બદલી થાય તો ફર્નિચર મોકલવા માટે કોઈ ફી લેતા નથી.

સિટીફર્નિશ અત્યારે ઘર અને ઑફિસનું ફર્નિચર, ઇલેક્ટ્રૉનિક્સ અને ફિટનેસનાં સાધનો ભાડે આપે છે. ભવિષ્યમાં તે બાળકો માટેનું ફર્નિચર પણ બનાવવાના છે. તેમણે વિચાર્યું કે બાળકો માટેનાં ફર્નિચરમાં બે-ત્રણ વર્ષે પરિવર્તન કરવું પડે છે, તેથી તે ખરીદવા કરતાં ભાડે લેવામાં વધુ ડહાપણ રહેલું છે, તેથી તેઓ તેમાં વધુ વિવિધતા લાવવાના પ્રયત્નો કરે છે. નીરવ જૈન જણાવે છે કે તેઓ ૨૪થી ૩૮ની વયજૂથના ગ્રાહકોને વધુ પસંદ કરે છે. કારણ કે તેઓ તેમનાં બાળકો માટે ફર્નિચર ભાડે લેશે. તેમના જે ચાહકો છે તેમાંથી પંચાવન ટકા ગ્રાહકો ઘર માટે ફર્નિચર લે છે. આ ઉપરાંત ઑફિસ ફર્નિચર અને કૉર્પોરેટ ફર્નિચરના ગ્રાહકો પણ વધી રહ્યા છે. ટોયોટા, ઇન્ડિયન ઑઇલ અને સેમસંગ એના ગ્રાહકો છે. આજે ભારતમાં ફર્નિચર ખરીદી અને ભાડે આપવા માટે ઑનલાઇન સગવડ આપવામાં આવી હોવા છતાં નેવું ટકા ફર્નિચર માર્કેટ ઑફલાઇન રહ્યું છે.

ભારતમાં અત્યારે આ ક્ષેત્ર ખૂબ ઝડપથી વિકસી રહ્યું છે અને અન્ય કંપનીઓ પણ માર્કેટમાં આવી રહી છે, પરંતુ કૌટુંબિક વ્યવસાયના કારણે નીરવ જૈનની આ ક્ષેત્રની નિપુણતા એને ગ્રાહકો જાળવી રાખવામાં મદદરૂપ થાય છે. તેઓ જુદી જુદી કક્ષાના ગ્રાહકો માટે અલગ અલગ પ્રકારનાં પૅકેજ રાખે છે. એ ઉપરાંત શહેરો પ્રમાણે પણ પૅકેજ જુદાં હોય છે. મુંબઈમાં જે હોય તેનાથી પૂનામાં જુદું હોવાનું.

દિલ્હી-એનસીઆરમાં ૨૧ વર્ષની ઉંમરે ૨૦૧૫માં સ્ટાર્ટ કરેલ સિટીફર્નિશ આજે મુંબઈ, પૂના, બૅંગાલુરુ, હૈદરાબાદ અને નોઇડા સુધી પહોંચી છે. પાંચ શહેરોમાં દસ હજારથી વધુ સબસ્ક્રિપ્શન અને વેબસાઇટ પર સિત્તેર હજારથી વધુ ગ્રાહકો જોડાયેલા છે. ૨૦૧૮-૧૯માં ૧૪ કરોડ રૂપિયા મેળવ્યા છે અને દોઢસો ટકાના દરે તેમાં વધારો થઈ રહ્યો છે. ૨૦૨૧ સુધીમાં તેઓએ દસ લાખ સબસ્ક્રિપ્શન અને વાર્ષિક સાતથી આઠ કરોડ ડૉલરની આવકનો લક્ષ્યાંક રાખ્યો છે. નીરવ જૈન કહે છે કે એમની પાસે દરેક જરૂરિયાત માટે ઉચ્ચ ગુણવત્તાવાળું ફર્નિચરનું બિઝનેસ મૉડલ છે. ઑર્ડર મળ્યા પછી ૭૨ કલાકમાં ડિલિવરી કરાવે છે. ટૂંકમાં તમારી પાસે કશું ન હોય છતાં તમે તેને સારી રીતે અને નવી રીતથી તમારા જીવનધોરણને જાળવીને રહી શકો તેવો સિટીફર્નિશનો આશય છે.

**– પ્રીતિ શાહ**

પ્રકલ્પ

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા

# અસ્મિતા વિશેષ સંવાદ

### (૧) ધરમપુરનાં સેવાદીપ સુજાતા શાહ




કોઈ યુવતી ભણીગણીને કાયમી સરકારી નોકરીમાં જોડાઈ ગયા પછી એ બધું છોડીને દૂર- દરાઝના અંતરિયાળ વિસ્તારમાં જઈને સેવાકાર્યમાં જિંદગી વિતાવે, એ વાત માન્યામાં આવે તેવી નથી ને ? હા, પણ જેનો ઉછેર જ વેડછીના વડલાની શીળી છાયામાં ગ્રામ પરિવેશમાં ખાદી પહેરીને થયો હોય તેવી યુવતી તો આવું ન વિચારે, તો જ પ્રશ્ન થાય. ખરું ને ? આ બંને પ્રશ્નાર્થોનો જવાબ આપે છે સુજાતા શાહ. આજે પણ જ્યાં મોબાઈલથી વાત થઈ શકતી નથી તેવા વિસ્તારમાં પલાંઠી મારીને બેઠેલાં સુજાતા શાહ સંવાદમાં ભાવુક થઈને પોતાની કહાણી કહે છે ત્યારે અહેસાસ થાય કે 'જીના ઈસીકા નામ હૈ'...આવો, જાણીએ સુજાતા શાહની એક રોમાંચક ઘટનાને..

'હું વેડછીમાં રહીને ઊછરી એટલે સેવાનું કામ કરતી સંસ્થાઓ સાથે સંપર્ક ઘણા, એટલે મને ખબર હોય કે અહીંયાં આ પ્રકારે સેવાનું કામ થઈ રહ્યું છે, એટલે શનિ-રવિ અથવા કોઈ વાર રજા મૂકીને પણ એવાં કામો જ્યાં ચાલતાં હોય ત્યાં હું જોવા જતી. મારે આવાં કામ કરવાં હતાં એવું નક્કી કર્યું હતું, પણ એટલો આત્મવિશ્વાસ નહોતો. મને એ ખબર નહોતી કે મારો ખરેખર રસનો વિષય કયો ? કારણ કે ભણવામાં એકાગ્રતા વધારે હોવાથી પણ વાંચ વાંચ વધુ કર્યું હતું. એટલે એવું પણ થતું કે ગામમાં કામ કરવું છે, પણ ગામમાં જઈને મિટિંગ કરવી હોય તો શું વાત કરવાની, કેવી રીતે ગામમાં જઈને ઊભાં રહેવું, એની કંઈ ખબર નહીં. એટલે મારી મેળે જ એવું વિચાર્યું કે આપણે શરૂઆત એવી રીતે કરીએ કે જ્યાં પહેલેથી કામ થતું હોય એવી કોઈ સંસ્થામાં જોડાઈએ તો આપણને અનુભવ મળે અને ગામડામાં રહેવા પણ મળે. કોકિલાબહેન અને ભીખુભાઈ વ્યાસ વેડછીનાં જ. અમારી બાજુમાં જ ઘર અને એ ધરમપુરમાં કામ કરતાં એટલે એમને ખબર પડી અને મને પણ ખબર પડી એટલે એ જ્યારે ધરમપુર જતાં હોય, ત્યારે હું એમની સાથે ધરમપુર જાઉં, કારણ કે એ પોતે પણ ત્યારે એમની બોરખડીના વિદ્યામંદિરમાં આચાર્ય તરીકે હતા. એ કાયમ ધરમપુર

નહોતા રહેતાં એટલે એ જવાનાં હોય ત્યારે હું સાથે જાઉં.. બધું જોઈ આવું. એક તો મને ધરમપુર પહેલી જ નજરે ખૂબ ગમી ગયું, કારણ કે એનું કુદરતી સૌંદર્ય અને એનો વિસ્તાર અને એમની સંસ્થામાં દરેક ક્ષેત્રમાં કામ થતાં જોયાં. શિક્ષણનું, ખેડૂતો સાથેનું, ગામ માટે જરૂરી પ્રવૃત્તિઓ વગેરે કામ થતાં હતાં.

એટલે બે વર્ષની નોકરી પછી મેં નક્કી કરી લીધું કે મારે કોકિલાબહેનની સાથે જોડાઈને ધરમપુરમાં કામ કરવું છે. અને પછી માતા-પિતાની સામે ઘરમાં એકદમ દૃઢતાથી જાહેર કર્યું કે હવે મારે ધરમપુરમાં કોકિલાબહેનની સાથે જોડાઈને કામ કરવા જવું છે. ત્યાર પછી એક પ્રકારે વિરોધ શરૂ થયો. બધાં મુખ્યત્વે એ સમજાવતાં કે, 'આમાં સલામતી શું ? આવી સંસ્થાઓ તો આજે છે ને કાલે નથી. ધરમપુર તને ફરવા જવું ગમે, પણ ત્યાં કાયમ રહેવું નહીં ગમે. વીજળી નથી, રસ્તા નથી, પાણીના નળ નથી, શાકભાજી-દૂધ નહીં, તો તને બે દિવસ ગમશે, અઠવાડિયું ગમશે પણ તું ત્યાં હંમેશ માટે રહીશ કેવી રીતે ?' આવું બધું ઘણું ચાલ્યું.

એ દરમિયાન એવી પણ કોઈ ક્ષણ આવી કે મેં પણ થોડો વધુ વિચાર કર્યો. કોઈ એવી વાત લાવ્યું કે તું કાયમી નોકરી છોડીને ન જા, તું એક વર્ષની 'લિવ વિધાઉટ પે' મૂકી દે. એટલે એક વર્ષ તું ત્યાં રહી જુએ તો તને ખબર પડે કે ત્યાં તારાથી રહેવાય છે કે નહીં. અને આ બાજુ નોકરીની પણ સલામતી. એ મને ગમી ગયું એટલે હું જરા વિચારમાં પડી અને મેં મારી સ્કૂલમાં અરજી કરી કે મને એક વર્ષની લિવ વિધાઉટ પે જોઈએ છીએ. અમારા પ્રમુખ ખાદીવાળા અને આવાં કામને માનનારા, એટલે મને એવું હતું કે મારી અરજી તો મંજૂર થઈ જ જશે, પણ એ એક વર્ષની લિવ નામંજૂર થઈ. ધરમકાકાની ઉંમર ૯૦ વર્ષ. ખાદી જ પહેરતા. એટલે હું સીધી એમની પાસે ગઈ ને પૂછ્યું કે મારી અરજી નામંજૂર કેમ કરી ? હું તો સેવાકાર્ય કરવા જઈ રહી છું. એટલે મારી સામે જોયું અને પછી પૂછ્યું, 'તારે ખરેખર આવું કામ કરવા જવું છે ?' મેં કહ્યું, 'હા'. એનો એ જ સવાલ ફરી કર્યો, મેં કહ્યું, 'હા'... ત્રીજી વાર પૂછ્યું, મેં કહ્યું, 'હા'.. તો કહે કે તારે ખરેખર જવું હોત તો તું આવી અરજી ના કરત. તું મારી દીકરી હોત, તો હું પણ તને એ સલાહ આપત કે તું એક વર્ષની રજા લઈને જા. પણ એક વડીલ તરીકે તને હું સલાહ આપું છું કે તારે ખરેખર જવું હોય તો, તું દોરડું કાપીને જા એટલે કે તું રાજીનામું આપીને જા. તારી નોકરી ચાલુ હશે તો તને થોડું પણ એમ થશે કે મને નથી ફાવતું એટલે તારી પાછા આવવાની શક્યતા બહુ વધી જશે. બીજું એ કે એક સ્કૂલના પ્રમુખ તરીકે તો હું તારી અરજી મંજૂર નથી જ કરવાનો, કારણ કે સ્કૂલ એ મારી ફરજ છે. તને ફાવી ગયું અને તું પછી ન આવે તો અમારે તારી એક વર્ષ રાહ જોવાની અને પછી મારે બીજા નવા શિક્ષક શોધવાના. એટલે તારી રજા તો મંજૂર નહીં જ થાય. પણ તારે માટે પણ એ જરૂરી છે કે તું આ દોરડું કાપીને જા. બસ, એમ જ દોરડું કપાયું અને હું ધરમપુર, પિંડવળ, ખડકીની બનીને જીવવા લાગી.'

## (૨) વૈશ્વિક ખગોળવિજ્ઞાની ડૉ. જે. જે. રાવલ




એક કહેવત છે કે નજીકની વ્યક્તિઓને આપણે સાચી રીતે ઓળખી શકતા નથી. જે નજીક છે તે સહજ છે એટલે તેઓની ઘણી સિદ્ધિઓ આપણી નજરે ચડતી નથી. શનિ ગ્રહને વલયો છે તેવી ઘોષણા કરવામાં જેમનું નામ વૈશ્વિક સ્તરે જાણીતું બન્યું હતું તે આપણા ગુજરાતના હળવદના પ્રા. ડૉ. જે. જે. રાવલ. પછી તો અનેક નવા ગ્રહોની ઓળખાણ રાવલસાહેબે કરાવી અને 'ઇન્ટરનેશનલ જર્નલ્સ'માં તેમનાં સંશોધનપત્રો પ્રકાશિત થયાં. આ ભારતીય ખગોળવિજ્ઞાની ડૉ. જે. જે. રાવલ એટલા બધા સહજ વ્યક્તિ છે કે તેમની સાથે ગોષ્ઠી કરવામાં તમને સ્વજનભાવ જન્મે જ જન્મે. આવા Down to earth વિશ્વસ્તરના વિજ્ઞાની રાવલસાહેબ સાથેનો સંવાદ સાવ જ નિરાળો રહ્યો. આવો, તેમના જ શબ્દોમાં તેમની જીવન-ઘટનાઓનો સ્વાદ ચાખીએ.

'અમે લોકો હળવદના બ્રાહ્મણ અને જ્યારે હું નાનો હતો ત્યારે હળવદમાં પાંચથી સાત હજારની વસ્તી. એમાં ૯૦ % બ્રાહ્મણો એટલે લાડવાનો બહુ મહિમા. બીજું કે મારો જન્મ મારા પિતાના મૃત્યુ પછી ત્રણ મહિના પછી થયો હતો. મારા પિતા જાન્યુઆરીમાં મૃત્યુ પામ્યા હતા અને મારો જન્મ માર્ચમાં થયો હતો.

મારા પિતા તો લાખોપતિ હતા. એ જમાનામાં લાખોપતિ અને ઘરે ઘણા નોકર-ચાકરો, ભરવાડો, ઘોડાગાડીઓ અને ઘોડાઓ રહેતા. અમારા ઘરની અંદર એક રૂમમાં રોકડા રૂપિયાની ગુણોની ગુણો પડી રહેતી. મારી બા પાસે એક મણ સોનું હતું અને મારી બા જ્યારે બહાર નીકળે, તો બધા જોવા નીકળતા. આખા સૌરાષ્ટ્રમાં મોટાં મોટાં શહેરોમાં અમારી મોટી મોટી પેઢીઓ હતી. અમારો ધંધો ઊનનો હતો, એટલે ઘણા ભરવાડો ઊન લઈને આવે. હવે એમાં બધી પેઢીઓમાંથી ઊન ભરાણું અને ભાવ તળિયે આવી ગયો. અમારી ૮ હવેલી હતી એમાંથી ૭ વેચાઈ ગઈ. એક હવેલી બાકી રહી, જેમાં અમે રહેતા હતા અને એ ૭૦૦ રૂપિયાની મોર્ગેજ પર હતી. એ ૭૦૦ રૂપિયા ભરતાં અમને ૪૦ વર્ષ લાગ્યાં. જો એનું વ્યાજ લીધું હોત તો એ આખું મકાન જતું રહેત !

મારા પિતાશ્રી ફિલૉસૉફર. કોઈ દિવસ એમણે એમ નથી કહ્યું કે મારી પાસે હતું ને ગયું. એમનું મૃત્યુ થયું ત્યારે મારી બા પાસે પાંચ રૂપિયા, પાંચ તોલા સોનું અને ૭૦૦ રૂપિયામાં મોર્ગેજ મકાન એટલું – હતું ! મારી માતાએ પાડોશીના ઘરે વાસણ

માંજવાનું કામ કરવું પડ્યું. કપડાં ધોવાનું કામ કર્યું પણ એ ડર્યાં નહીં અને અમને ભણાવ્યાં. અમે ચાર બહેનો અને પાંચ ભાઈઓ, આમ નવ બાળકોને મૂકીને મારા પિતા ગુજરી ગયા. મારો નંબર છેલ્લો. કારણ કે એમના મૃત્યુ પછી ત્રણ મહિને મારો જન્મ. મારા પિતાજી જો બજારમાં નીકળે ને કોઈ એમ કહે કે ગટુબાપા ખાવાનું નથી, તો બે મણ અનાજ કોઈને ત્યાંથી ઉધાર લઈ આપે એવો એ માણસ. આજે પણ મને મારા નામથી કોઈ ઓળખે નહીં, પણ એમ કહે કે જટાશંકર રાવલનો દીકરો જિતેન્દ્ર રાવલ ! આજની તારીખે પણ મારા બાપથી હું ઓળખાઉં છું.

સ્થિતિ ઘણી ખરાબ એટલે અમે લોકોએ ભગવાની નોકરી સ્વીકારી લીધી, મંદિરમાં પૂજારી થઈ ગયા. અમારા ઘર આગળ એક શાસ્ત્રીજી રહે. અમારા હળવદ ગામમાં બધા બ્રાહ્મણો રહ્યા એટલે થોડુંઘણું સંધ્યાવંદન અને એવું તો ભણવું જ પડે.. અમે પાઠશાળામાં ભણવા જતા તો સંધ્યાવંદન, પંચનાથની પૂજા, રુદ્રી અને યજુર્વેદ એ બધું ભણતા હતા. પછી તો વેદો, ઉપનિષદો, ગીતાપાઠ કરવા જવું પડે, પાંચ રૂપિયામાં પાંચ કલાક સુધી ગીતાપાઠ કરવા પડે. પાંચમા ધોરણથી છેક એસ.એસ.સી. સુધી હું પ્રથમ જ રહ્યો અને બધામાં ૮૫ કે ૯૦ ટકા માર્ક આવે. સંસ્કૃતમાં ૯૫ માર્ક આવે. સંસ્કૃતમાં અમને બોલતાં આવડતું. એક જમાનામાં અમે ૫૦ વાક્યોનો નિબંધ લખી શકતા. હજી શ્લોકો વગેરે બધું યાદ છે. પાંચમા ધોરણથી વેદોમાં મને બહુ રસ પડ્યો હતો. વૅકેશનમાં કંઈ કામ નહીં એટલે કાલા ફોલતાં. અમે લોકો ૧૨ વર્ષ સુધી તો ગામની બહાર પણ નથી ગયા.

ઋગ્વેદમાં બ્રહ્માંડ કેવી રીતે ઉત્પન્ન થયું એની પણ વાત છે એની કોઈ ના ન પાડી શકે. What is the ultimate matter of the universe આ બ્રહ્માંડનું મૂળતત્ત્વ શું એ શોધવા સૌ મથે છે, જ્યારે આપણે લોકોએ એ બધું પહેલેથી શોધ્યું છે કે આ બધું એક જ ચેતના અથવા અદ્વૈત.. એ બધું એક જ છે. વિજ્ઞાન પણ સમજાય અને વેદો પણ સમજાય અને આપણને બહુ આનંદ આવે. પણ તકલીફ શું કે, જે સંસ્કૃત જાણે છે અને વેદો વાંચે છે એને વિજ્ઞાનની ખબર નથી અને વિજ્ઞાન જાણે છે, એને વેદોની ખબર નથી. કનેક્ટિવિટી નથી. એ કનેક્ટિવિટી હોય તો એ ખબર પડે કે આપણા મનીષીઓ એમ જ નથી મરી ગયા. આ જે ખગોળવિજ્ઞાન છે એ તો સદીઓનાં જ્ઞાનનો સંગ્રહ છે.'

**– સંકલન ભદ્રાયુ વછરાજાની**

## આપણો વારસો

आत्मानमसमाधाय समाधित्सति यः परान् ।
विषयेष्विन्द्रियवशं मानवाः प्रहसन्ति तम् ॥

પોતાના પર કાબૂ મેળવ્યા સિવાય જે શત્રુઓ પર કાબૂ મેળવવા ઇચ્છે છે અને વિષયોમાં ઇન્દ્રિયોને વશ થઈ ચાલે છે એના તરફ લોકો હસે છે.

## આગામી કાર્યક્રમો

## શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

### ( ઑનલાઇન કાર્યક્રમો )

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સંતુલન દ્વારા યોજાયેલા 'અસ્મિતા વિશેષ સંવાદ'માં શ્રી ભદ્રાયુ વછરાજાનીનો નીચેની વ્યક્તિઓ સાથે સંવાદ.

◈ **૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
શ્રી સુજાતા શાહ (સમયમર્યાદા : ૨ કલાક, ૭ મિનિટ)

◈ **૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
ડૉ. જે. જે. રાવલ (સમયમર્યાદા : ૧ કલાક, ૨૮ મિનિટ)

### ( ઑફલાઇન કાર્યક્રમો )

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

◈ **૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : આશ્ચર્યની આંખે પોર્ટ્રેટ(વ્યક્તિચિત્ર)ની દુનિયા
(પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની સાથે)
વક્તા : શ્રી અનિલ રેલિયા

### 'ગુજરાત દર્પણ' પ્રેરિત પત્રકારત્વ વ્યાખ્યાનમાળા

◈ **૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૨, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : રાજકીય પદ્ધતિઓ અને વૈશ્વિક અજંપો
વક્તા : પ્રા. રક્ષા વ્યાસ

### અગસ્ત્ય ફાઉન્ડેશન અને વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૩૦**


હિંદુસ્તાની શાસ્ત્રીય કંઠ્યસંગીતના હાલના શિર્ષસ્થ કલાકાર, પંડિત વસંતરાવ કુલકર્ણી, પદ્મવિભૂષણ સુશ્રી કિશોરી આમોનકર અને પંડિત દિનકર કૈકિણીનાં શિષ્યા **શ્રીમતી આરતી અંકલીકર ટીકેકર**નું શાસ્ત્રીય કંઠ્યસંગીત

### આસ્વાદ

◈ **૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨, રવિવાર : સવારના ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં રંગમંચક્ષેત્રે આગવું પ્રદાન કરનાર શ્રી ભાર્ગવ અને ડોલી ઠક્કર દ્વારા 'ભરત નાટ્યશાસ્ત્ર આધારિત મંચ કૃતિઓ' (વક્તવ્ય અને પ્રસ્તુતિ) રજૂ કરવામાં આવશે.

## વિશ્વકોશ દ્વારા કવિ શ્રી વિનોદ જોશીના માર્ગદર્શન હેઠળ આયોજિત સર્જનાત્મક ગીત-લેખન શિબિર



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સર્જનાત્મક ગીત-લેખન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જાણીતા કવિ, લેખક અને વિવેચક શ્રી વિનોદ જોશી આ કાર્યશાળામાં ગીતસ્વરૂપની રચનાઓના લેખન અંગે વક્તવ્ય અને માર્ગદર્શન આપશે. આ શિબિર ૧૮મી સપ્ટેમ્બર, રવિવારે ગુજરાત વિશ્વકોશભવન, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદમાં યોજાશે. સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનો એનો સમય છે, એના પ્રથમ સત્રમાં ગીતસ્વરૂપની લાક્ષણિકતાઓ વિશે, દ્વિતીય સત્રમાં ગીતરચનાના લેખનની કૂંચીઓ અને તૃતીય સત્રમાં ગીતરચનાના પ્રત્યક્ષ પ્રયોગો વિશે શ્રી વિનોદ જોશી વક્તવ્ય અને માર્ગદર્શન આપશે.

આ શિબિરમાં જોડાવા માટે ૧૫૦ રૂ.ની રજિસ્ટ્રેશન ફી રાખવામાં આવી છે. શિબિરાર્થીઓ માટે ભોજન અને ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવશે. આમાં ભાગ લેવા ઇચ્છનારે તા. ૧૫-૯-૨૦૨૨ સુધીમાં વિશ્વકોશ કાર્યાલયમાં શ્રી કૃપાબહેન દેથોલિયાને (મો. ૯૮૯૮૦૪૨૬૯૯) પર જાણ કરવી. આમાં ભાગ લેનારને સંસ્થાનું પ્રમાણપત્ર આપવામાં આવશે.

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન આકાર લઈ રહ્યું છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે. જેનાથી બાળકોને ગુજરાતી ભાષામાં રસ પડે અને વર્તમાન સમયને અનુલક્ષીને રચાયેલી વાર્તાઓનો આનંદ પ્રાપ્ત થાય.

આગામી સપ્ટેમ્બર મહિનામાં ૪ સપ્ટેમ્બરે 'નાના કરે મોટા કામ', ૧૧ સપ્ટેમ્બરે 'ભગવાન જે કરે તે સારા માટે', ૧૮ સપ્ટેમ્બરે 'ઢી ઢી ઢીંચકું' અને ૨૫ સપ્ટેમ્બરે 'ઉંદર ભાઈની સેના' એ વાર્તા રજૂ થશે.

૪ અને ૧૮ સપ્ટેમ્બરે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી અને ૧૧ અને ૨૫ સપ્ટેમ્બરે પ્રસ્તુત થનારી વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.




વિનાયક ધોત્રેના પુસ્તક 'શબ્દ-જોડણી સમૃદ્ધિ'ના વિમોચન પ્રસંગે



ગ્રંથાલય-કોશના સર્જન અંગે વિચારવિમર્શ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. Posted at Ahd PSO On 5th every month.

## વિશ્વકોશની વિવિધ પ્રવૃત્તિઓ

### ◈ વિશ્વકોશોનું પ્રકાશન

(૧) ગુજરાતી વિશ્વકોશ ખંડ ૧થી ૨૫
(૨) ગુજરાતી બાળવિશ્વકોશ ખંડ ૧થી ૧૦
(૩) પરિભાષાકોશ

### ◈ ઑનલાઈન ગુજરાતી

(૧) ગુજરાતી ભાષાના સર્વપ્રથમ વિશ્વકોશના ૨૬ ગ્રંથોના ૨૬,૦૦૦ પૃષ્ઠોમાં લખાયેલા ૧૭૦ વિષયોનાં ૨૪,૦૮૩ લખાણ (અધિકરણો) ઑનલાઈન ઉપલબ્ધ
https://gujarativishwakosh.org

(૨) પચીસ વર્ષના પ્રયત્નો બાદ તૈયાર થયેલો ૪૫,૦૦,૦૦૦થી વધુ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઑનલાઈન શબ્દકોશ
www.gujaratilexicon.com

### ◈ વ્યાખ્યાનશ્રેણી

(૧) શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી
(૨) જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી
(૩) ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી
(૪) કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી
(૫) શિક્ષણવિદ શ્રી કંચનલાલ પરીખ વ્યાખ્યાનશ્રેણી
(૬) સ્વાસ્થ્ય-યોગશ્રેણી
(૭) પ્રિ. આર. એલ. સંઘવી વ્યાખ્યાનમાળા
(૮) શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા

### ◈ સ્પર્ધા

(૧) સ્વ. હરિકેત પાઠક ચિત્રસ્પર્ધા
(૨) વિદુષી દક્ષાબહેન પટ્ટણી નિબંધસ્પર્ધા

### ◈ ઍવૉર્ડ

(૧) શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ
(૨) સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ
(૩) શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ
(૪) શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ
(૫) અંજલિ ખાંડવાળા પારિતોષિક

### ◈ કેન્દ્રો

(૧) શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્યકેન્દ્ર
(૨) શ્રી રસિકલાલ છો. પરીખ વિદ્યાકેન્દ્ર
(૩) વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર અને કલાવીથિકા

### ◈ સામયિક પ્રકાશન

(૧) 'વિશ્વવિહાર' વિશ્વકોશનું માસિક મુખપત્ર
(૨) શ્રાવ્ય સ્વરૂપે 'વિશ્વવિહાર'
(૩) 'ગુર્જરી ડાયજેસ્ટ' ત્રૈમાસિક

### ◈ પુસ્તક પ્રકાશન

દસ ગ્રંથશ્રેણીના ઉપક્રમે વિવિધ વિષયનાં ૧૦૮થી વધારે પુસ્તકોનું પ્રકાશન

### ◈ અન્ય સંસ્થાઓને સહયોગ

(૧) પ્રા. અનંતરાય રાવળ સ્મારક સમિતિ
(૨) શ્રી ચન્દ્રવદન મહેતા સ્મારક સમિતિ
(૩) શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ
(૪) ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલૉજી
(૫) કવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ
(૬) આસ્વાદ (કલા-સંસ્કૃતિના ભાવકોની સંસ્થા)

### ◈ 'વિશ્વા' ના ઉપક્રમે બહેનોની પ્રવૃત્તિ

### ◈ કાર્યશિબિર : રોબૉટિક્સ, પ્રૂફવાચન અને સર્જનાત્મક લેખનશિબિર

**અત્યારે ચાલતાં આયોજનો**

નારીકોશ ◈ નાટ્યકોશ ◈ વિજ્ઞાનકોશ ◈ સંતકોશ